॥ ॐ श्री ॥

श्री सदुपदेशश्रेणी.

एकोनपंचाश सदुपदेश.

राजयोग.

(અનુસંધાન શ્રી સદુપદેશશ્રેણી ૪૮ ના પૃષ્ઠ ૫૩ થી.)

પ્રાણાયામના સંબંધમાં જેટલો વિસ્તાર કરીએ તેટલો ઓછો છે. તેના અનેક લાભ છે. આપણે આગળ જણાવી ગયા છીએ; કે પ્રાણાયામ કરતા પૂર્વે આસનને સ્થિર કરવાની અગત્ય છે, કારણ કે તે તેમાં ઉપકારક છે. આજે ઘણા મનુષ્યો પ્રાણાયામ કરે છે છતાં તે આગળ વધી શકતા નથી તેનું કારણ એ છે કે તે આસનને પ્રથમ સ્થિર કરતા નથી. યમનિયમના પાલનથી વૃત્તિના મળવિક્ષેપાદિ દોષો જેટલા અંશમાં તેનું પાલન થયું હોય છે વા થાય છે તેટલા અંશમાં નિવૃત્ત થાય છે, અને તેથી આસનની સ્થિરતા થાય છે, પ્રાણાયામમાં પણ વૃદ્ધિ થાય છે, અને મન સ્થિર થઈ પ્રત્યાહાર વગેરે સાધનમાં અનુકૂળતા પડે છે. આ પ્રમાણે પાછળ પાછળનાં સાધનો આગળનાં સાધનોમાં ઉપકારક છે, તેથી તે સેવ્ય છે. આસનની સિદ્ધિ થવાથી ક્ષુત્પિપાસા-ભુખ તરસનો જય થાય છે; યોગમાં પ્રતિબંધક જે આલસ્ય પ્રમાદાદિ તેનો પણ નાશ થાય છે; વળી તેથી નાડીઓનું દબાણ થવાથી ઉપસ્થના બલનો પણ ક્ષય થાય છે, અને તેથી બ્રહ્મચર્યનું પણ અધિક સમય પાલન થઇ શકે છે, શરીરમાં રુધિરાભિસરણ વધારે સારી રીતે થાય છે. જેથી આરોગ્ય

પણ સુદૃઢ થાય છે અને શરીર યોગનાં સાધનો સાધવાને માટે વધારે યોગ્ય થાય છે; વળી વાયુની ગતિ પણ તેથી શિથિલ થાય છે તેથી મનના સ્થૈર્યની પણ વૃદ્ધિ થાય છે; આ પ્રમાણે આસનના ઘણા લાભ છે.

ॐ पृथ्वी त्वया धृता लोका देवि त्वं विष्णुना धृता ।
त्वं च धारय मां देवि पवित्रं कुरु चासनम् ॥

એ મંત્રનો વિશેષ જપ કરવાથી પણ આસન સ્થિર ન થતું હોય તો થાય છે.

યમનિયમની સિદ્ધિ પૂર્વ જન્મમાં કરી હોય છે તો ચાલે છે, પણ આસનની સ્થિરતાને તો આ જન્મમાં કરવી પડે છે. આટલા માટે કોઈ કોઈ સ્થળે યોગને અષ્ટાંગને બદલે ષડાંગ પણ કહ્યો છે.

શ્વાસ અને પ્રશ્વાસની ગતિનો રોધ કરવો તે પ્રાણાયામ છે. બહારથી અંદર જે વાયુ લેઈએ છીએ તે શ્વાસ છે, અને અંદરથી બહાર જે વાયુને કાઢવામાં આવે છે તે પ્રશ્વાસ છે. પ્રાણાયામના ત્રણ પ્રકાર છે ૧ પૂરક ૨ કુંભક ૩ રેચક. બહારથી અંદર શ્વાસ લેવો તેને પૂરક કહે છે. શ્વાસને અંદર પૂરી રાખવો તેને કુંભક કહે છે અને અંદરના શ્વાસને બહાર કાઢી નાખવો તેને રેચક કહે છે. હવે પ્રાણાયામ એટલે આ ત્રણેની ગતિનો રોધ કરવો તે. બહારથી અંદર વાયુ લેઈને તેનો અંદર રોધ કરવો, વાયુ જ્યાં હોય ત્યાં જ તેનો રોધ કરવો અને અંદરથી બહાર કાઢી તેનો બહાર રોધ કરવો, એ પ્રમાણે ત્રણેને પ્રાણાયામ કહી શકાય તેમ છે, અર્થાત્ એ ત્રણેમાં પ્રાણાયામસંજ્ઞા અનુગત થએલી છે.

વસ્તુતઃ આ શ્વાસ પ્રશ્વાસ એ પ્રાણ નથી. પ્રાણ વસ્તુ એ જૂદી છે અને તેનો જય કરવાનું સાધન એ જ પ્રાણાયામ છે. પણ આ શ્વાસપ્રશ્વાસના જયથી પણ આ મુખ્ય પ્રાણનો જય થાય છે તેથી તે પણ હિતકારક છે. પ્રાણાયામથી જે જે લાભોનું વર્ણન આપણે આગળ કરી ગયા છીએ તે લાભો આ મુખ્ય પ્રાણનો જય થવાથી જ થાય છે.

પાતંજલ યોગસૂત્રમાં આ પ્રાણાયામના ત્રણ પ્રકાર કહ્યા છે. ૧ બાહ્યવૃત્તિ ૨ આભ્યંતરવૃત્તિ અને ૩ સ્તંભવૃત્તિ. જે પ્રાણાયામમાં પ્રશ્વાસવડે અથવા રેચકવડે શ્વાસ પ્રશ્વાસનો રોધ કરવામાં આવે છે તે બાહ્યવૃત્તિ પ્રાણાયામ છે. જે પ્રાણાયામમાં શ્વાસે કરીને

શ્વાસપ્રશ્વાસનો રોધ કરવામાં આવે છે તે બાહ્યાભ્યંતરવૃત્તિ પ્રાણાયામ છે, અને જેમાં શ્વાસપ્રશ્વાસનો જ્યાં ત્યાં રોધ કરવામાં આવે છે તે સ્તંભવૃત્તિ પ્રાણાયામ છે. વળી જે કુંભક રેચક પૂરકસહિત કરવામાં આવે છે તે સહિતકુંભક છે. જે પ્રાણાયામમાં રેચક પૂરકવિના અભ્યાસના અધિક બલથી કુંભક કરવામાં આવે છે તેને કેવલકુંભક કહે છે.

આ ત્રણ પ્રકારના પ્રાણાયામનું દેશ અને કાળ એ બેવડે નિયમન થઇ શકે છે; અર્થાત્ તે બે વડે તેનું નિયમન કરવાની જરૂર છે. રેચકમાં કોણ કેટલો રેચક કરે છે તેનું પ્રમાણ નક્કી કરવું હોય તો નાકથી આગળના ભાગમાં રૂ ધરી રાખવાથી તેની ખબર પડે છે. આ પ્રમાણે જોતાં કોઇ બાર આંગળનો તો કોઇ એક હાથનો અને કોઇ તેથી વધારે પ્રદેશપર્યંતનો રેચક કરે છે. પૂરકનું આ પ્રકારનું પ્રમાણ તે જેટલા દેશપર્યંતનો થયો હોય છે ત્યાં કીડીના સ્પર્શજેવી લાગણી થાય છે તેથી તેનું પ્રમાણ નક્કી થાય છે. જેમકે કંઠદેશપર્યંતનો પૂરક હોય છે તો તે દેશમાં, ઉદરપર્યંતનો હોય છે તો તે ભાગમાં અને તેથી નીચેના પ્રદેશપર્યંતનો હોય છે તો તે ભાગમાં કીડીના સ્પર્શજેવી લાગણી થાય છે અને તેથી તેટલા દેશસુધીનો પૂરક થયો છે, એમ જાણી શકાય છે અથવા નક્કી કરી શકાય છે. આ પ્રમાણે મસ્તકથી તે પગના તળીયાસુધીના પૂરકનું પ્રમાણ નક્કી કરાય છે. કુંભકના પ્રમાણનો નિર્ણય બાહ્ય અને આંતર એમ બે પ્રકારનો થઇ શકે છે. જેમ કે બાહ્યપ્રદેશનો નિર્ણય તો રૂ વગેરે બાહ્યપ્રદેશમાં ધરવાથી વાયુની ગતિના અભાવથી તેનો નિર્ણય થાય છે; અને આંતર પ્રદેશનો નિર્ણય તો ઉપર કહી તેવી લાગણીના અભાવથી થઇ શકે છે.

બીજા પ્રકારનું નિયમન કાળથી થઇ શકે છે. જેમ કે આટલા ક્ષણનો પૂરક થયો, આટલા ક્ષણનો કુંભક થયો, આટલા ક્ષણનો રેચક થયો. એ પ્રમાણે આ કાળનું પ્રમાણ માત્રા તથા મંત્રના બીજની સંખ્યા વગેરેથી થાય છે. જેમકે બે માત્રાનો પૂરક, આઠ માત્રાનો કુંભક અને ચાર માત્રાનો રેચક. એ પ્રમાણે માત્રાનું પ્રમાણ યથાશક્તિ નક્કી થાય છે. ત્યાં માત્રાનું પ્રમાણ આ પ્રમાણે આપેલું છે.

બહુ ધીમેથી નહિ અને બહુ ઉતાવળથી નહિ, એ પ્રમાણે

મધ્યમ વેગથી ઘુંટણની આસપાસ હાથ ફેરવીને ચપટી વગાડીએ તેટલા કાળને એક માત્રા કહેવામાં આવે છે. અભ્યાસથી પછી આ માત્રાનું સ્વરૂપ સમજાય છે તથા નકી થાય છે. અથવા પ્રણવ (ૐ) શબ્દનો એક વખત ધીમેથી ઉચ્ચાર કરવો તે પ્રમાણે પણ પ્રાણાયામના કાળનું નિયમન થઈ શકે છે. અથવા તો હાલમાં ઘડીઆળો સર્વ ઠેકાણે ઉપલબ્ધ છે, તેમાં દરેક સેકન્ડનો ખટકો થતો હોય છે તે ખટકાનું અર્થાત પ્રત્યેક સેકન્ડનું માપ પણ પ્રાણાયામ કરતી વખતે રાખી શકાય છે. જેમને આ બે પ્રકાર ન ફાવે તે પ્રણવનો ઉચ્ચાર માત્ર ધીમેથી કરે. એક પ્રણવથી પૂરક કરે, ચારથી કુંભક કરે, અને બેથી રેચક કરે. આ પ્રમાણે સાધક જપની સંખ્યાનો વધારો કરતો જાય. જેમ કુંભકનો કાળ વધતો જાય તેમ પ્રાણાયામની સિદ્ધિ થાય છે, અથવા તેમાં પ્રગતિ થાય છે એમ સમજવું. સાધકે ક્રમેક્રમે કુંભકના કાળની વૃદ્ધિ કરવાનો આગ્રહ રાખવો, અને આ પ્રમાણે કુંભકના કાળની વૃદ્ધિ થાય છે. તો જ પ્રાણાયામનાં જે ફળોનું આ યોગશાસ્ત્રમાં વર્ણન કર્યું છે તેનો અનુભવ થાય છે. જેમનાથી આ પ્રમાણે વૃદ્ધિ ન થાય તેમણે પૂર્વે જણાવેલા પ્રતિબંધક હેતુઓનો ક્ષય કરવા વિચારવું.

પ્રાણાયામના સંબંધમાં શ્રી વસિષ્ઠસંહિતામાં એમ પણ કહ્યું છે, કે જેમાં પ્રસ્વેદ થાય છે તે કનિષ્ટ છે, જેમાં કંપ થાય છે તે મધ્યમ છે, અને જેમાં આસનનું ઉત્થાન થાય છે તે પ્રાણાયામ ઉત્તમ છે. કૂર્મપુરાણમાં વળી કહ્યું છે, કે બાર માત્રાવાળો પ્રાણાયામ મંદ છે, ચોવીસ માત્રાવાળો મધ્યમ છે અને છત્રીસ માત્રાવાળો ઉત્તમ છે. જે પ્રાણાયામમાં એક માત્રાથી પૂરક, ચાર માત્રાથી કુંભક અને બે માત્રાથી રેચક કરવામાં આવે છે, તે એક માત્રિકા પ્રાણાયામ કહેવાય છે. આ પ્રમાણે બે માત્રા, ચાર માત્રા, આઠ માત્રા, બાર માત્રા વગેરેનું પ્રમાણ સમજવું.

સાધારણ રીતે પ્રાણાયામના સાધકે આ પ્રમાણે પ્રાણાયામની શરૂઆત કરવી. પ્રથમ ડાબા નાકદ્વારા અંદરના વાયુને બહાર કાઢી નાંખવો. પછી તરત જ જમણા નાકને જમણા હાથના અંગુઠાવડે બંધ કરવું અને ડાબા નાકથી એક માત્રાથી શ્વાસને ધીમે ધીમે અંદર લેવો. પછી તે જ હાથની ટચલી તથા તેની જોડની (અનામિકા) આંગળીવડે ડાબું નાક બંધ કરી દેવું. પછી ચાર માત્રાસુધી અંદર

વાયુને પૂરી રાખવો અર્થાત્ કુંભક કરવો. પછી જમણા નાકેથી અંગુઠો ઉપાડી લેઇને ધીમે ધીમે અંદર રહેલા વાયુને બે માત્રાના પ્રમાણથી બહાર કાઢી નાંખવો. પુનઃ ડાબું નાક તે જેમ બંધ હોય છે તેમ બંધ રાખીને જમણા નાકથી તેજ પ્રમાણે તેટલી જ એક માત્રાવડે પૂરક કરવો, ચાર માત્રાવડે કુંભક કરવો, અને બે માત્રાવડે ડાબા નાકથી રેચક કરવો.

હવે આરંભમાં જેટલી માત્રાનો પ્રાણાયામ સુખપૂર્વક થઇ શકે તેટલી માત્રાનો પ્રાણાયામ કરવો. રેચક કરતી વખતે ઉતાવળ કરવી પડે કે કુંભક વખતે અકળામણ થાય તો માત્રાનું પ્રમાણ ઓછું કરવું. પ્રાણાયામમાં ઉતાવળ કરવી નહિ. પણ ધીમે ધીમે આગળ વધવું. પરંતુ લક્ષ્યમાં એટલું રાખવું, કે તે નિત્ય નિયમિત વખતે કરવા જોઇએ.

કોઇ ઠેકાણે પ્રથમ જમણા નાકવડે વાયુને પૂરવાનું કહ્યું હોય છે, અને કોઇ ઠેકાણે ડાબા નાકવડે પૂરવાનું કહ્યું હોય છે, પણ તેમાં કોઇ મોટો વિરોધ સમજવો નહિ. પોતાને અનુકૂલ જણાય તે પ્રમાણે કરવા, પણ નિત્ય એક જ ક્રમ કાયમ રાખવો. ઉત્તમ તો એ છે કે સદ્ગુરુ પાસેથી કયો પ્રાણાયામ કરવો તે જાણી લેવું, એ વિશેષ હિતકર છે; તોપણ તેવો યોગ ન આવે તે ઉપર પ્રમાણે સાદો પ્રાણાયામ નિત્ય શાંતિથી કરે છે તો તેને હાનિ ન થતાં લાભ જ થાય છે. ધ્યાનમાં એટલું રાખવું, કે જે નાકથી રેચક કરવો તે નાકથી જ પૂરક કરવો. આ પ્રકારના સાદા પ્રાણાયામને મલશોધક અથવા લોમવિલોમ પ્રાણાયામ કહે છે. પ્રાણાયામના બીજા ઘણા સરળ કઠિન પ્રકારો છે અને તે ગુરુદ્વારા જાણી શકાય છે. હઠયોગપ્રદીપિકામાં સૂર્યભેદન, ઉજ્જાયી, સીત્કારી, શીતલી. ભસ્ત્રિકા, ભ્રામરી, મૂર્ચ્છા અને પ્લાવની એમ કુંભકના આઠ ભેદ કહ્યા છે.

આ જ યોગના ગ્રંથમાં સાધકે આહારને માટે કેવા પ્રકારની સાવધાનતા રાખવી તે પણ જણાવેલું છે. તેમાં કહ્યું છે, કે લીંબડો વગેરે અત્યંત કડવા પદાર્થો, આમલી વગેરે અત્યંત ખાટા પદાર્થો, મરચાં વગેરે અત્યંત તીક્ષ્ણ પદાર્થો, તથા અતિ ઉષ્ણ પદાર્થો, લીલું શાક, કાંજી, તેલ, સરસવ, દારૂ, માછલાં, બકરી વગેરેનું માંસ, દહીં, છાશ, ડુંગળી, લસણ, હીંગ, ગાજર, અડદની દાળ વગેરે જે જે પદાર્થો શરીરના અવયવોને ઉન્મત્ત કરનાર હોય, જે રાજસતામસ હોય

તે સર્વ યોગના અભ્યાસકને માટે કુપથ્ય છે અને તેથી તે વર્જ્ય છે. (જુઓ હઠયોગ પ્રદીપિકા-પ્રથમોદેશ શ્લોક ૫૯-૬૦) આ જ ગ્રંથમાં યોગસાધકને માટે કયો આહાર પથ્ય છે અને સેવ્ય છે તે પણ જણાવેલું છે. ઘઉં, શાલીના ચોખા, સામો, નિવાર, દુધ, ઘી, દુધપાક, ખીર, સાકર, માખણ, સુંઠ, પરવળ, સુરણ, રતાળું વગેરે જે જે પદાર્થો સાત્વિક છે, જે મધુર તથા સ્નિગ્ધ છે તેવા પદાર્થો પથ્ય છે અને તેથી સેવ્ય છે. યોગમાં આગળ વધ્યા પછી યોગીનું સામર્થ્ય વધતાં તે ગમે તે ખાય છે તો તેને અડચણ આવતી નથી, પણ સાધકે તો ન ખાવાજેવા પદાર્થો ન ખાવા, એ જ હિતકર છે. વળી પ્રાણાયામના સાધકે જેમ બહુ વધારે ખાવાનું નથી તેમ ઉપવાસ પણ કરવાના નથી. વળી તેણે જેમ ઉજાગરા કરવાના નથી. તેમ બહુ ઉંઘવાનું નથી, પણ આહારવિહારમાં મિત રહીને યોગનાં અંગોનું અનુષ્ઠાન કર્તવ્ય છે. જે આ પ્રમાણે કરતા નથી તે આગળ વધી શકતા નથી. અને તેના પ્રમાણરૂપે હાલમાં અનેક સાધકો સ્થળે સ્થળે જોવામાં આવે છે જ.

ગુજરાતીમાં પાતંજલ યોગદર્શન નામના અત્યંત ઉપયોગી ગ્રંથના લેખક સુપ્રસિદ્ધ વિદ્વદ્વરિષ્ઠ શ્રીમાન્ જેઠીસનદાસ જેઠાભાઇ કણીઆ પોતાના તે ગ્રંથમાં આહાર સંબંધમાં લખતાં એક ઠેકાણે લખે છે કે " આથી એ સ્પષ્ટ થાય છે, કે જે ગુરુ થઇને હીંદુ, પારસી, મુસલમાન વગેરે સર્વને યોગનો એક જ ક્રમ આપે છે તે યોગશાસ્ત્રના નિયમથી અજ્ઞાન છે અને તે ગુરુપદને કેવલ નાલાયક છે."

અર્થાત્ તેમના કહેવાનો ભાવ એ છે કે કુંગળી, લસણ, માંસ મદિરા, મત્સ્ય વગેરે તામસ પદાર્થોનું સેવન કરનાર મનુષ્યો યોગના અનધિકારી છે, તેમને યોગનો બોધ કરવો એ નિરર્થક છે.

જેમને યોગ સાધવો છે તેમણે આવા રાજસ તામસ પદાર્થોનો ત્યાગ કર્તવ્ય છે. આ પ્રમાણે જે આવા રાજસ તામસ પદાર્થોનો ત્યાગ કર્યાવિના યોગ સાધવા જાય છે તે તેને કદી સિદ્ધ કરી શકતા નથી.

જેમની પ્રકૃતિ વાત પિત્ત અને કફ એ ત્રણ દોષો વિષમ અવસ્થામાં હોતા નથી તેવી હોય છે તેમને તો પ્રાણાયામ કરવા સુલભ જણાય છે, પણ જેમની પ્રકૃતિમાં આમાંથી કોઇ દોષ વિષમ અવ-

સ્થામાં હોય છે તેમને કઠન જણાય છે. આવા સાધકોને નેતિ. ધોતી, બસ્તી, નૌલિ, વગેરે ક્રિયાઓ પ્રથમ કરવી પડે છે. આ નેતિ ધોતીનું સ્વરૂપ યોગવિદ્યાના ગ્રંથમાં વર્ણવેલું હોય છે; પરંતુ તે ક્રિયાઓ પોતાનો અધિકાર ગુરુદ્વારા જાણીને પછી કરવી હિતકર છે.

શ્રી હઠયોગપ્રદીપિકામાં કહ્યું છે, કે **यथा सिंहो गजो व्याघ्रो भवेद्वश्यः शनैः शनैः । तथैव सेवितो वायुरन्यथा हन्ति साधकम् ।**–જેમ સિંહ, હાથી, વાઘ ધીમે ધીમે યુક્તિવડે વશ થાય છે તેમ વાયુ પણ ગુરુદ્વારા જાણેલી યુક્તિથી વશ થાય છે, નહિ તો બન્ને મનુષ્યને હણે છે. પોતાની મેળે ગમે તેમ પ્રાણાયામ કરવાથી લાભને બદલે હાનિ જ થાય છે. વળી આજકાલ ઘણા યોગીમન્યો બીજાને પૈસા કમાવામાટે યોગનાં સાધનો પોતે યોગી બનીને શીખવતા જોવામાં આવે છે, તેવા મનુષ્યો પાસેથી પણ યોગ શીખવાથી કોઇ પ્રકારનો લાભ નહિ થતાં હાનિ જ થાય છે. જેમણે યથાર્થ યોગ સાધ્યો છે તેવા યથાર્થ યોગીને આ વિશ્વમાં કંઇ જ અસાધ્ય નથી. તેમનું જ્ઞાનૈશ્વર્ય અપાર વૃદ્ધિને પામ્યું હોય છે તેથી તેમને ઠેકાણે ઠેકાણે ફરીને અથવા તો એક ઠેકાણે રહીને સામાન્ય શિક્ષકની પેઠે પૈસા લેઇને યોગનો કંઇ વર્ગ ઉઘાડવાની જરૂર રહેતી નથી. યોગવિદ્ દયાળુ સદ્ગુરુ અધિકારી સાધકને કંઈ પણ 'ફી' લીધાવિના જ યોગ્ય સાધનોનો ઉપદેશ કરે છે. આવાં યોગનાં સાધનોની 'ફી' કરોડો રૂપૈયા આપવામાં આવે તો પણ ઓછી છે. તેથી હાલના આવા ઠગ યોગીઓથી નહિ ઠગાવા સાવધાન રહેવું ઘટે છે.

મુદ્રણકલા અર્થાત્ છાપવાની કલાની શોધ થવાથી હાલમાં વેદાંતનાં પુસ્તકોનો પ્રચાર ઠેકાણે ઠેકાણે થતો જોવામાં આવે છે. વેદાંતમાં જ્ઞાનને માટે પ્રાણાયામાદિ ક્રિયાઓ કરવાની જરૂર નથી, **वृथा प्राणपीडनम्** પ્રાણનું પીડન કરવું વ્યર્થ છે. વગેરે વચનો કહેલાં છે. તે ઉપરથી ઘણા મનુષ્યો પ્રાણાયામ વગેરેની જરૂર નથી, એમ કહે છે; અને માત્ર **अहं ब्रह्मास्मि**–હું બ્રહ્મ છું, એવી ભાવના કરવી, એ જ કર્તવ્ય છે, એમ કહે છે. આ પ્રકારનું તેમનું કથન માત્ર વેદાંતનાં કોઇ કોઇ પુસ્તકો વાંચીને જ થતું જોવામાં આવે છે. પણ આવા અતોભ્રષ્ટતતોભ્રષ્ટ વેદાંતીઓ બીજા જે સાધકો બીજાં યોગભક્તિનાં સાધનો સાધતા હોય છે, તેમને આવાં વચનોથી વ્યામોહરૂપ જાળમાં નાખીને તેથી ભ્રષ્ટ કરે છે. પોતે તો કોઇ પણ ભૂમિકાને નહિ પ્રાપ્ત

ચએલા હોવાથી ભ્રષ્ટ જ હોય છે, અને ભવિષ્યમાં પણ ભ્રષ્ટ જ રહેનાર છે; કારણ કે તે કોઇ પ્રકારની શાસ્ત્ર અથવા મહાપુરુષોએ નક્કી કરેલી પ્રણાલિકામાં વહેતા નથી.

આ વિશ્વમાં જે વસ્તુ પરમ પ્રાપ્તવ્યરૂપે મહાપુરુષો કે જેમણે તેને પ્રાપ્ત કરી છે, નક્કી કરાઇ છે, તે વસ્તુને પ્રાપ્ત કરવાના ત્રણ મુખ્ય માર્ગ તેમણે પોતાની નિરાવરણ સર્વજ્ઞ દૃષ્ટિવડે નક્કી કર્યાં છે. તે ત્રણ મુખ્ય માર્ગ તે યોગ, ભક્તિ અને વેદાંત છે. આ ત્રણે માર્ગથી આ પરમ વસ્તુની અથવા પરમ તત્ત્વની પ્રાપ્તિ થઇ શકે છે. આ વિશ્વમાં જૂદા જૂદા મનુષ્યોની અંતઃકરણની સંપત્તિ જૂદી જૂદી હોવાથી આ ત્રણ માર્ગોની આવશ્યકતા છે. કેમ કે એકને એક માર્ગ રુચિકર જણાય છે તો અન્યને અન્ય રુચિકર જણાય છે. પરંતુ આ ત્રણે માર્ગવડે પરમ વસ્તુની અથવા પરમતત્ત્વની–કે જે પ્રાપ્ત કર્યાં પછી આ વિશ્વમાં કંઇ જ પ્રાપ્તવ્ય શેષ રહેતું નથી અને જેને પ્રાપ્ત કરીને અભિમાની કૃતકૃત્ય થઇ રહે છે–પ્રાપ્તિ થઇ શકે છે એવું શાસ્ત્રનું તથા સત્પુરુષો અથવા તત્ત્વવિત્ પુરુષોનું સપ્રમાણ કથન છે.

આ પ્રમાણે હોવાથી એકલા વેદાંતવડે જ અર્થની સિદ્ધિ થાય છે, અને અન્ય માર્ગથી કંઈ જ અર્થ સધાતો નથી, એમ કહેવું, એ અજ્ઞાનનો જ પરિણામ છે. અને તે પ્રમાણે કહેનાર માત્ર બોલી જાણનાર હોય છે, પણ તેમણે કંઇ પણ આ વિશ્વમાં પ્રાપ્ત અથવા સિદ્ધ કરેલું હોતું નથી. આ પરમ વસ્તુની પ્રાપ્તિ થાય છે માટે તો યોગ અને ભક્તિની સાર્થકતા છે અને તેનું કથન સર્વજ્ઞ શાસ્ત્રકારોએ કરેલું છે. જો આ યોગ અને ભક્તિવડે અશેષ દુઃખની નિવૃત્તિ ન થતી હોત તથા પરમાનંદની પ્રાપ્તિ ન થતી હોત, જો તેથી જીવને અવિદ્યાની નિવૃત્તિપૂર્વક. ક્લેશોની નિવૃત્તિપૂર્વક મુક્તિ ન મળતી હોત તો આ યોગ અને ભક્તિનું કંઇ જ પ્રયોજન ન હતું. પણ જે અર્થ એકથી સધાય છે તે જ અર્થ બીજાથી સધાય છે માટે ત્રણેની આવશ્યકતા છે.

વળી હાલના સમયમાં વાતોડીયા વેદાંતનો પ્રચાર ઘણો થતો હોવાથી શુદ્ધ ભક્તિ અને યોગનાં સાધનોનો પ્રચાર થાય, તેને પ્રજા સાધે, તો તે અધિક હિતકર છે. હાલની અત્યંત નિર્બળ અને નિર્માલ્ય દશાએ પહોંચેલી પ્રજા જો યોગનાં સાધનોનું અનુષ્ઠાન કરે તો તે બળવાન્ અને સત્ત્વબળવાળી થાય, તેથી આજના સમયમાં પ્રજાને

યોગનાં સાધનોની ઓછી જરૂર છે એમ નથી. વેદાંતની બે વાતો આમ તેમ ક્યાંથી કે ગમે તેમ કલ્પનાના પ્રદેશમાં રમ્યાથી કંઇ પરમતત્ત્વની પ્રાપ્તિ થઇ જતી નથી, અને ક્લેશની નિવૃત્તિ થતી નથી. જો થતી હોય તો આજે અનેક મનુષ્યોના સંબંધમાં તે પ્રમાણે બનવું જોઈએ. વેદાંત કંઈ એમ વાતો કરે સિદ્ધ થઇ જતું નથી. તેને માટે ઘણો ઉંચો અધિકાર જોઇએ છીએ તથા અંતઃકરણ અત્યંત ઉન્નત દશાએ પહોંચેલું હોવું ઘટે છે. વળી વેદાંત કંઇ પુસ્તકો વાંચી જાણી શકાતું નથી. તેને પણ તત્ત્વવિદ્ યોગ્ય સદ્‌ગુરુ પાસેથી શીખવું પડે છે. અને આવા યોગ્ય સદ્‌ગુરુ યથાધિકાર મુમુક્ષુને તેનો બોધ કરે છે.

પ્રાણાયામરૂપ યોગાંગ પણ તત્ત્વજ્ઞાનનું સાધન હોવાથી તેનું અનુષ્ઠાન અવશ્ય કર્તવ્ય છે. સંધ્યાવંદન જેવી નિત્યની દ્વિજે કરવાની ક્રિયામાં પણ પ્રાણાયામને દાખલ કરેલો છે, કે જેથી તેનું નિત્ય અનુષ્ઠાન થાય. શ્રીશ્વેતાશ્વતર શ્રુતિમાં પણ કહ્યું છે કે **प्राणान्प्रपीड्येह संयुक्तचेष्टः क्षीणे प्राणे नासिकयोः च्छ्वसीत** (શ્રી શ્વેતાશ્વતરોપનિષદ્ પૃષ્ઠ ૪૧ ૪૨ ૪૩ આનંદાશ્રમ ગ્રંથાવલિ.) તાત્પર્ય કે પ્રાણાયામ પણ તત્ત્વજ્ઞાનમાં ઉપકારક છે. પ્રાણનો જય થવાથી મનોજય થાય છે અને મનોજય એ તત્ત્વજ્ઞાનમાં ઉપકારક છે. વાસનાક્ષય, મનોજય અને તત્ત્વજ્ઞાન, એ ત્રણે મુક્તિનાં સાધનો છે. પ્રાણનો જય કરતાં વાસનાના સૂક્ષ્મ સંસ્કારો પણ બળી જાય છે અને મનોજય તો તેની સાથે જ થાય છે, જેથી તે હિતકારક જ છે, અને તેથી તે સેવ્ય છે. કોઇ કહે, કે પ્રાણાયામની કંઇજ જરૂર નથી તો તેને ભ્રમિત મગજનો ગણી તેની વાત કાને ધરવી ઉચિત નથી.

ગૃહસ્થ દશામાં પણ ઉપર જણાવ્યા તે લોમવિલોમ પ્રાણાયામ સાધી શકાય છે, અને તેના અપૂર્વ લાભ લણી શકાય છે. પ્રાણાયામથી આરોગ્ય સુદૃઢ થાય છે, તેથી આયુષ પણ દીર્ઘ થાય છે જેથી તે નિત્ય કર્તવ્ય છે. પછી આ જીવનમાં પ્રાસવ્ય પ્રાપ્ત થતાં જીવન્મુક્ત દશાનો અનુભવ થાય ત્યારે પ્રાણાયામ તો શું પણ બીજાં બધાં સાધનો છોડી દેવાને અડચણ નથી; અને તે દશામાં તે સર્વ એની મેળે જ છુટી જાય છે. પરંતુ આવી ઉન્નત દશા પ્રાપ્ત ન થઇ હોય ત્યાંપર્યંત વિવિધ સાધનોનું અનુષ્ઠાન પ્રમાદ રહિતપણે કર્તવ્ય

છે. આરોગ્ય સુદૃઢ હોય છે અને આયુષ્ દીર્ઘ હોય છે તો મનુષ્ય જીવનમાં જે કરવું હોય છે તે કરી શકે છે, અને કૃતકૃત્ય થઇ શકે છે. તેથી આટલા માટે પણ પ્રાણાયામ નિત્ય કર્તવ્ય છે. પ્રાણાયામ જેવો આરોગ્યને સુદૃઢ કરનાર અને આયુષ્ને દીર્ઘ કરનાર બીજો એક પણ ઉત્તમ ઉપાય આ વિશ્વમાં નથી.

આપણે આગળ જણાવી ગયા છીએ કે પ્રાણાયામના ઘણા પ્રકાર છે અને તે અધિકારીએ ગુરુદ્વારા જ જાણવાયોગ્ય છે. ઉપર પ્રાણાયામના ત્રણ પ્રકાર કહ્યા તે ઉપરાંત કેવળ કુંભક નામનો ચતુર્થ પ્રાણાયામ પણ છે. આ પ્રાણાયામમાં પૂરક તથા રેચક બન્નેનો ત્યાગ હોય છે. આમાં રેચક કે પૂરક કરવાનો હોતો નથી, પણ તેમાં બન્નેનું અતિક્રમણ થએલું હોય છે. ઘણા અભ્યાસના બળથી જ આ કેવળ કુંભક કરવાની યોગ્યતા આવે છે. સો દિવસનો કેવળ કુંભક પણ થઇ શકે છે, અથવા કરી શકાય છે. જો કે આટલો કુંભક ઘણો ભારે કહેવાય છે તોપણ અભ્યાસના બળથી તે પ્રમાણે થઇ શકે છે. જ્યાંસુધી કેવળ કુંભકનો અધિકાર ન આવે ત્યાંસુધી પૂર્વના ત્રણ પ્રકારના પ્રાણાયામ કર્તવ્ય છે.

ભગવાન્ પતંજલિ પ્રાણાયામનું ફલ જણાવતાં કહે છે, કે **ततः क्षीयते प्रकाशावरणम्**–પ્રાણાયામની સિદ્ધિથી વિવેકજ્ઞાનને આવરણ કરનાર પાપરૂપ અશુદ્ધિનો ક્ષય થાય છે. પ્રકાશ એટલે વિવેક સાક્ષાત્કાર અથવા પ્રકાશસ્વરૂપ બુદ્ધિ સત્ત્વ જે સ્વભાવે કરીને પ્રકાશગુણવાળું છે છતાં જે રાગની વિશેષતાને લીધે વિષયોએ કરીને આવૃત્તસ્વભાવવાળું થયું છે. આ વિવેકજ્ઞાનને અથવા બુદ્ધિસત્ત્વને ઢાંકી દેનાર જે આવરણ છે તેનો પ્રાણાયામથી ક્ષય થાય છે.

મુખ્ય પ્રાણ એ શ્વાસ નથી અને પ્રશ્વાસે નથી, પણ આ પ્રાણની સત્તાથી જ બહારનો વાયુ અંદર પ્રવેશે છે તથા અંદરનો વાયુ બહાર જાય છે. આ પ્રાણ તો ઘણો સૂક્ષ્મ છે. આ પ્રાણનો સંબંધ જન્મપૂર્વે થાય છે અને તે આ શરીર છુટે છે ત્યારે જ તે છુટે છે. આ પ્રાણનો મન, અંતઃકરણ તથા ઇંદ્રિયોસાથે ગાઢ સંબંધ છે. આ પ્રાણનો નિરોધ થવાથી અત્યંત સૂક્ષ્મ કળાવાળો એક પ્રકારનો અગ્નિ પ્રકટે છે, જે મનના, અંતઃકરણના તથા ઇંદ્રિયોના દોષોને બાળે છે. શ્રીમનુભગવાને આટલા માટે જ કહ્યું છે કે **दह्यन्ते ध्मायमानानां धातूनां हि यथा मलाः । तथेन्द्रियाणां दह्यन्ते**

दोषाः प्राणस्य निग्रहात्–જેમ ધાતુના દોષો ધમવાથી બળી જાય છે તેમ પ્રાણુના નિરોધથી એકાદશ ઈંદ્રિયોના દોષો બળી જાય છે. આ દોષો બળી જવાથી તથા વિવેકજ્ઞાનને ઢાંકી દેનાર આવરણુનો ક્ષય થવાથી બુદ્ધિ સત્ત્વ વિશુદ્ધ થાય છે અને તેથી જ્ઞાન પ્રદીપ પ્રકટે છે. આ પ્રમાણે અજ્ઞાનજન્ય ક્લેશોની નિવૃત્તિ થવામાં તથા અજ્ઞાનઆવરણુને દૂર કરીને જ્ઞાનપ્રકાશને પ્રકટાવવામાં પ્રાણુાયામ ઉપકારક છે અને તેથી તે તત્ત્વજ્ઞાન થવામાં સહાયક છે, જેથી તે વિવેકીએ નિત્ય સેવ્ય છે.

વળી યોગનાં આગળનાં અંગો જે પ્રત્યાહાર અને ધારણુા તેમાં પણુ પ્રાણુાયામવડે સાહાય્ય થાય છે. પ્રાણુાયામની સિદ્ધિ થતાં આ અંગો ઝટિતિ સુલભતાથી સધાય છે. પ્રાણુનો નિરોધ થવાથી મનનો પણુ નિરોધ થાય છે, કારણુ કે તે બન્નેને પરસ્પર ગાઢ સંબંધ છે અને મનનો નિરોધ થવાથી ધારણુા નામનું સાધન કરવાને સાધક અથવા યોગી સમર્થ થાય છે.

ભગવાન્ પતંજલિ આ વાર્તાનું કથન કરતાં પાતંજલ યોગ સૂત્રોમાં કહે છે કે "**धारणासु च योग्यता मनसः**–આ પ્રાણુાયામની સિદ્ધિ થવાથી વિવિધ ધારણુા કરવા અંતઃકરણુ યોગ્ય થાય છે. ધારણુામાં અંતઃકરણુમાં તામસ દોષને લીધે તથા રાજસ દોષને લીધે જે વિક્ષેપ થતો હોય છે તે આથી દૂર થાય છે. કારણુ કે પ્રાણુાયામથી રાજસ તામસ દોષોનો ક્ષય થાય છે. વળી ચંચળ મન પણુ ચંચળતાને ત્યજે છે, તેથી પણુ ધારણુા ઉત્તમ પ્રકારે સધાય છે. શ્રીહઠયોગદીપિકામાં કહ્યું છે કે **यतो मरुत् तत्र मनःप्रवृत्ति यतो मनस्तत्र मरुत्प्रवृत्तिः** । જ્યાં પ્રાણુની ગતિ થાય છે ત્યાં મનની ગતિ થાય છે અને જ્યાં મનની ગતિ થાય છે ત્યાં પ્રાણુની ગતિ થાય છે. શ્રીમહેશ્વર ભગવાન્ પણુ અમનસ્કખંડમાં કહે છે કે **प्राणो यत्र विलीयते मनस्तत्र विलीयते**–પ્રાણુનો જ્યાં વિલય થાય છે ત્યાં મનનો વિલય થાય છે અને મનનો જ્યાં વિલય થાય છે ત્યાં પ્રાણુનો થાય છે. આ પ્રમાણે એકના નિરોધથી બીજાનો નિરોધ થાય છે, કારણુ કે બન્નેને પરસ્પર ગાઢ અને નિકટનો સંબંધ છે.

વળી સૂક્ષ્મ સૂક્ષ્મ ધારણુાઓ કરવાને પણુ રજસ્ તમસ્ દોષથી નિવૃત્ત થએલું મન યોગ્ય થાય છે. જ્યારે સૂક્ષ્મ વિષયમાં અંતઃક-

સ્તુની ધારણા થાય છે ત્યારે જ તેની ધારણા કરવાની યોગ્યતા થઇ છે, એમ કહેવાય છે.

વળી અંતઃકરણની શુદ્ધિ થવાથી અંતઃકરણમાંથી વિવિધ ઇંદ્રિયોમાં તથા સૂક્ષ્મ નાડીઓમાં એક પ્રકારને જે સૂક્ષ્મ દ્રવ વહે છે તે દ્રવ પણ વિશુદ્ધ હોવાથી ઇંદ્રિયોની તથા નાડીઓની શુદ્ધિ થાય છે.

વળી પ્રાણુનો જો અનાહતચક્રમાં નિરોધ કરવામાં આવે છે તો સૂક્ષ્મ કળાને પામેલો પ્રાણ હૃત્પદ્મમાં રહેલા અભિમાનીને બ્રહ્મરંધ્રમાં લઇ જાય છે અને સમાધિને પ્રાપ્ત કરાવે છે.

વળી અનાહતચક્રમાંના પ્રાણુનો નિરોધ થવાથી તેમાંથી અનાહત ધ્વનિ ઉઠે છે જે યોગમાં ઘણો ઉપકારક છે. આ ધ્વનિથી અંતઃકરણનો લય સહજ થાય છે.

વળી પ્રાણુનો નિરોધ થવાથી સુષુમ્ણાનું મુખ બંધ કરીને પડેલી કુંડલિની શક્તિ પણ જાગ્રત્ થાય છે અને સુષુમ્ણાનો માર્ગ ખુલો થાય છે. જે દ્વારે સાધકયોગી બ્રહ્મરંધ્રમાં સુલભતાથી જઇ શકે છે અને સહસ્રદલપદ્મમાં સ્થિતિ કરી શકે છે. વળી કુંડલિની જાગ્રત્ થવાથી સંપૂર્ણ સંચિત કર્મોના દોષો પણ બળી જાય છે. અને આ લાભ યોગીને નાનોસુનો નથી. આ સર્વ ફળ પ્રાણાયામનાં છે.

આ વિના બીજા સામાન્ય લાભ પણ યોગીને થાય છે. જેમકે શરીરમાં લઘુતા આવે છે, પ્રમાદ વગેરેને પ્રકટાવનાર જડતાની નિવૃત્તિ થાય છે, શરીર સુદૃઢ થાય છે, આરોગ્ય પણ દીર્ઘ થાય છે, શરીરના અવયવોની શુદ્ધિ થવાથી પૂર્વે નહિ અનુભવેલું એવું આરોગ્ય અનુભવાય છે, અંતઃકરણ નિર્મળ થાય છે. જેથી શુદ્ધ વિચારો પ્રકટે છે, અને મલિન વિચારો દબાય છે, એક પ્રકારની અપૂર્વ પ્રસન્નતાનો અનુભવ થાય છે, મનનું સામર્થ્ય વધે છે, આ જડ સૃષ્ટિઉપર સ્વામિત્વ સ્થપાય છે, વિષયોપ્રતિ ઇંદ્રિયો લોલુપતાથી ધાવન કરતી હોય છે તે લોલુપતાનો નાશ થાય છે, શરીર તેજસ્વી થાય છે, મળમૂત્ર ઓછાં થઇ શરીરની દુર્ગંધ ઓછી થાય છે, વાણીમાં પ્રસાદ પ્રકટે છે, કંઠ મધુર થાય છે, એ વગેરે અનેક અવાંતર સ્થૂલ સૂક્ષ્મ લાભ થાય છે.

જ્યારે માથું દુઃખતું હોય, ચકરી આવતી હોય, બેચેની જણાતી હોય, ગ્લાનિ, શોક વગેરે જણાતાં હોય, નિરાશા જણાતી હોય, ઉદાસીનું ભાન રહેતું હોય તે પ્રસંગે પ્રાણાયામ કરવાથી આ સર્વ અવ્યવસ્થા સહજ શમી જાય છે.

યોગશાસ્ત્રમાં જ્યારે ચિત્ત વ્યગ્ર હોય, ક્રોધ પ્રકટ્યો હોય ત્યારે પ્રાણાયામ ન કરવાનું કહ્યું છે અને ઉપર જણાવેલા પ્રસંગે પ્રાણાયામ કરવાનું કહેવામાં આવે છે તો તે બન્ને વિરોધી વાતો છે. આ વિરોધનું સમાધાન એ છે કે જ્યારે ચિત્ત વ્યગ્ર હોય તથા ક્રોધ પ્રકટ્યો હોય ત્યારે પ્રાણાયામ ન કરવા એ બરાબર છે. પ્રાણનો જય કરવા માટે જે પ્રાણાયામ યોગશાસ્ત્રમાં કરવાના કહ્યા છે તે આવા સમયે ન કરવા; પણ માત્ર માથું દુઃખતું મટાડવા માટે, તથા ઉદાસીનો જય કરવા માટે સાદા પ્રાણાયામ કરવાને અડચણ નથી. હૃદય તથા ફેફસાંના રોગ પણ પ્રાણાયામથી મટવાનો સંભવ આવે છે.

પાશ્ચાત્ય દેશોમાં માત્ર દીર્ઘ શ્વાસ પ્રશ્વાસની ક્રિયાથી પણ મનુષ્યો અનેક લાભ મેળવે છે તથા તેની સાથે ભાવના કરીને પોતાના અનેક રોગ મટાડે છે. તથા ઉત્તમ આરોગ્યને પ્રાપ્ત કરે છે. આનું કારણ એ છે કે તે નિયમિત ધ્યાનપૂર્વક મન પરોવીને જે કર્તવ્ય હોય છે તે કરે છે. જ્યારે આપણા દેશમાં પ્રાણાયામના વિવિધ ઉત્તમ પ્રકારો ઘણા મનુષ્યોના જાણવામાં છતાં, તથા આ દેશમાં અનેક અધિકારી પુરુષો પ્રાણાયામનો માગ દર્શાવનાર હોવા છતાં આપણી પ્રજાની આ માર્ગમાં પ્રગતિ થતી નથી. તેનું કારણ એ છે, કે નિયમિત કોઈપણ માર્ગમાં પ્રગતિ કરવી, એ સ્વભાવ આપણી પ્રજામાંથી જતો રહ્યો છે.

પ્રાણાયામ કરનારે આટલી બાબતો તો અવશ્ય કરીને લક્ષમાં રાખવી,

૧ નિત્ય નિયમિત સમયે પ્રાણાયામ કરવા.

૨ વચમાં બનતાસુધી દિવસ પડવા દેવા નહિ.

૩ ભરેલા પેટે પ્રાણાયામ કરવા નહિ.

૪ આસન સ્થિર થવા દઇને પછી પ્રાણાયામ કરવા.

૫ પ્રાણાયામ કરતી વખતે કરોડ. ડોક અને માથું એ ત્રણેને એક સીધી લીટીમાં રાખવાં અને કેડોમાંથી વાંકા વળીને બેસવું નહિ.

૬ શાંતિથી પ્રાણાયામ કરવા, પણ તેમાં પૂરક, કુંભક. કે રેચક વખતે ઉતાવળ કરવી નહિ.

૭ ચિત્તવૃત્તિને અંતરમાં સ્થિર કરવી અને ભાવનાને સાથે જોડવી.

૮ ધીમે ધીમે આગળ વધવું, પણ એક સામટા પ્રાણાયામ કદી કરવા નહિ. થાક જણાય ત્યારે પ્રાણાયામ ન કરવા.

૯ રોજ નિયમિત સંખ્યા કરવી. એક દિવસ વધારે અને એક દિવસ ઓછી સંખ્યા કરવી નહિ.

૧૦ આહાર વિહારની સાવધાનતા રાખવી.

વેદાંતવિચારને મહત્તા આપનાર પણ પ્રાણાયામથી લાભ મેળવી શકે છે. કુંભક કરતી વખતે 'હું બ્રહ્મ છું' એ પ્રમાણે ભાવના કરવી અને રેચક વખતે મારા મનના સઘળા મેલ બહાર નીકળી જાય છે, એવી ભાવના કરવી; કુંભક વખતે આ વિશ્વમાં સભર વ્યાપેલા પરમતત્ત્વસાથે મારો અભેદ છે, અને અંતર્ બહિર્ આ પરમ તત્ત્વવિના બીજું કંઇ જ નથી, એ પ્રમાણે ભાવના કરવી.

ઉદાસી, ગ્લાનિ, ભય, શોક વગેરેનો નાશ કરવા માટે જે પ્રાણાયામ કરે તેમણે રેચક વખતે ઉદાસી, ગ્લાનિ વગેરેનો નાશ થાય છે, એ પ્રમાણે ભાવના કરવી, અને કુંભક વખતે હું પૂર્ણ છું, નિર્ભય છું, પ્રશાંત છું, આનંદરૂપ છું, એ વગેરે ભાવના કરવી.

વળી આ પણ એક પ્રાણાયામનો ઉત્તમ પ્રકાર છે. સતાં સુતાં શ્વાસ લેતી વખતે નવરા પડીએ ત્યારે સો શબ્દનો દીર્ઘ ઉચ્ચાર મનમાં કરવો અને શ્વાસ મુકતી વખતે ડહં શબ્દનો તે જ પ્રમાણે ઉચ્ચાર કરવો. આ પ્રમાણે અને હું તે તત્ત્વરૂપ છું, હું તે પરમાત્મરૂપ છું, એ પ્રમાણે અંતરથી ભાવના કરવી.

એ વાત સત્ય છે, કે પ્રાણાયામ એ આત્મજ્ઞાન નથી, પણ આત્મજ્ઞાનનું તે એક ઉત્કૃષ્ટ સાધન છે. ઘણા વેદાંતીઓ, કે જે યોગ્ય સદ્‌ગુરુવિનાના હોય છે અને જેમની કોઇ સ્થિતિ હોતી નથી, અને જે માત્ર પોપટજેવા જ હોય છે તે કહે છે, કે " પ્રાણાયામ વગેરે સાધનોની શી જરૂર છે, સાધનોથી કંઇ આત્માની પ્રાપ્ત થતી નથી. તેથી પ્રાણાયામ વગેરે ક્રિયાઓ નિરર્થક છે."

પણ આ લોકોનું કહેવું અનુભવવગરનું જ હોય છે; જો આ પ્રમાણે પ્રાણાયામ નિરર્થક છે તો પછી વેદાંતમાં જણાવેલાં શ્રવણ મનન, નિદિધ્યાસન વગેર સાધનો પણ નિરર્થક છે. પરંતુ સત્ય વાર્તા એ છે કે આ શ્રવણ મનન આદિ સાધનોવડે જેમ પરમાત્મતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે, તેમ પ્રાણાયામરૂપ સાધનવડે પણ તેનો સાક્ષાત્કાર થાય છે.

વળી ઉપર જણાવ્યા તેવા વાતોડીઆ વેદાંતીઓ કહે છે, કે પ્રાણાયામ તો માત્ર એક કસરત છે. હા, ખરી વાત છે. તે એક કસરત છે,- વ્યાયામ છે, પણ તે એવી કસરત છે, કે જેના પરિણામમાં આરોગ્ય સુદૃઢ થાય છે, આયુષ્ દીર્ઘ થાય છે, નાડીઓની શુદ્ધિ થાય છે, અંતઃકરણની શુદ્ધિ થાય છે, અર્થાત્ તેના રાજસતામસ દોષો ન્યૂન થાય છે, અને મન સ્થિર થઇ અંતરમાં જ્ઞાનપ્રકાશ થાય છે તથા આ વિશ્વઉપર અદ્‌ભુત સામર્થ્ય પ્રાપ્ત થાય છે, તથા આવાં બીજાં અનેક સામર્થ્યો પણ પ્રાપ્ત થાય છે. તો આવા મહત્ ફળને આપનાર કસરત નિત્ય કરવાને શી અડચણ છે તે સમજાતું નથી. પરંતુ આ લોકો પ્રાણાયામના મહિમાને કિંચિત્ સરખો પણ નહિ જાણતા હોવાથી તે ઉપર જણાવ્યાં તેવાં વચનો અજ્ઞાનથી બોલે છે, જેથી બુદ્ધિમાને અને સત્સુખેચ્છકે તેવાં વચનોથી વ્યામોહને ધરવો ઘટતો નથી.

આ લેખક માને છે કે પ્રાણાયામના સંબંધમાં આ લેખમાં ઘણી ચર્ચા કરી એ સંબંધમાં યથામતિ પ્રકાશ પાડ્યો છે તો વિવેકી વાચકવર્ગ તેના મહિમાને જાણીને તેનું નિત્ય આગ્રહ અને પ્રેમથી અનુષ્ઠાન કરવા કૃપા કરશે.

(અપૂર્ણ.)

पंडित जगन्नाथ प्रभाशंकर.

मंत्र, विद्यानुं रूप क्यारे पकडे ?

विद्याशरीरसत्ता मंत्ररहस्यम् ॥

મંત્ર વિદ્યાનું રૂપ પકડે ત્યારે રહસ્ય ઉઘડે.

કેટલાક ધર્મનિષ્ઠ શ્રેયઃસાધકો મને પૂછે છે કે અમારા મંત્રની સિદ્ધિ કેમ થતી નથી; અમુક પુરુષ પારંગત અથવા મંત્રસિદ્ધ કેમ થયા અને અમે જ્યાં ને ત્યાં પડેલા જેવા કેમ જણાઇએ છીએ? આ પ્રશ્નના યથામતિ સમાધાનાર્થે આજના વિષયનો ઉપક્રમ થાય છે.

શ્રી સદ્‌ગુરુ પરમાત્માદ્વારા ભોગ મોક્ષને સિદ્ધ કરાવનાર અમેઘ મંત્રરૂપ સાધન મેળવ્યા પછી શ્રેયઃસાધકો મંત્રરક્ષણ અને મંત્રદીપન કરતા નથી. મંત્રની પ્રાપ્તિ પ્રાક્તન પુણ્યનું ફળ છે, પરંતુ તે મંત્રનું રક્ષણ અને મંત્રનું સિદ્ધિપર્યંત દીપન વર્તમાન જન્મના પ્રયત્નથી જ થઇ શકે છે. આંબાઉપર કેરી તૈયાર થવી એ આંબાના માલીકનું પ્રાક્તન કર્મનું ફલ છે. પરંતુ તે ફલનું રક્ષણ કરી આત્મભોગને અર્થે અથવા પરભોગને અર્થે તેને પકવવાની યોજના કરવી એમાં પુરુષપ્રયત્નની જરૂર છે. ઉંચા પ્રકારનાં ફલ માલીકની બેદરકારીથી કોઈના ઉપયોગમાં આવ્યા વિના નાશ પામે છે; અને ચતુર માલીક સામાન્ય ફલનો પણ સારો વિનિયોગ કરી જાણે છે.

કેટલાંક પુષ્પો માત્ર સુંદર રૂપવાળાં હોય છે, અને કેટલાંક માત્ર સુગંધવાળાં હોય છે. પરંતુ કેટલાંક ગુલાબ ચંપો વગેરે સારાં રૂપવાળાં અને સારા ગંધવાળાં હોય છે, પુષ્પની સુરૂપ અને સુગંધ—એ બે શક્તિ છે, તેમ મંત્રની પણ બે પ્રકારની શક્તિ છેઃ એક શક્તિનું નામ વાચકશક્તિ છે; અને બીજીનું નામ વાચ્યશક્તિ છે. વાચકશક્તિના પ્રભાવથી શબ્દબ્રહ્મ શબ્દસૃષ્ટિરૂપે ખીલે છે; વાચ્યશક્તિના પ્રભાવથી અર્થબ્રહ્મ અર્થસૃષ્ટિરૂપે ખીલે છે. આ ઉભય સૃષ્ટિના વૈભવનો અનુભવ મંત્રવિદ્‌ને થાય છે. જેમ સુંદર અને સુગંધવાળાં પુષ્પો ભોક્તાના અભાવે નિરર્થક જીવન ગાળનારાં થાય છે, તેમ અનુભવ અથવા વેદનવિના મંત્રની વાચકશક્તિ અને વાચ્યશક્તિ ખીલે તોપણ જ્ઞાતાના અભાવે નિરર્થક છે. મંત્ર પોતે જ વાચક અને વાચ્યરૂપે વ્યક્ત થાય તેવો પદાર્થ છે. શબ્દમાં નૈસર્ગિક અર્થને

વ્યક્ત કરવાની શક્તિ હોય છે, પરંતુ તેનો સ્ફોટ જ્ઞાતાના વ્યાપાર-ઉપર આધાર રાખે છે. ગાય–એ શબ્દનો અર્થ ગાયરૂપ જાતિમાં અથવા વ્યક્તિમાં સદા સર્વદા અન્વિત એટલે જોડાયેલો હોય છે, પરંતુ તે જાતિ અથવા વ્યક્તિનો બોધ શબ્દસંકેતને જાણનાર મનુષ્યની બુદ્ધિમાં થાય છે. જ્યાં સુધી આ બોધનો ઉદય અથવા સ્ફોટ ન થાય ત્યાં સુધી ગાય–એ શબ્દ અને ગાય–એ અર્થ નિત્યસંબંધવાળા છતાં અબોધ્ય નાદ જેવા હોય છે. પક્ષીઓના અનંત શબ્દો આપણા સંકેતના જ્ઞાનના અભાવે અમુક ભાવોમાં તે ગુંથાયેલા છતાં આપણને અજ્ઞાત રહે છે. સામાન્ય શબ્દજ્ઞાનમાં જેવો નિયમ છે, તેવો જ નિયમ મંત્રશબ્દબોધના ઉદયમાં પણ પ્રવર્તે છે. આપણો મંત્ર આપણા મંત્રસંકેતને નહિ જાણનારને પક્ષિના કલકલ શબ્દ જેવો છે; આપણે પોતે પણ સંકેતનું ગ્રહણ ન કરીએ તો તે મંત્ર કેવલ નાદરૂપ અથવા ધ્વનિરૂપ છે, પરંતુ તે વાચકશબ્દ ગણાય નહિ. આપણા મંત્રને આપણે કેવલ નાદ અથવા કેવલ ધ્વનિને બદલે વાચકશક્તિવાળો પ્રથમ બનાવવો જોઇએ. ઘણા મંત્રજાપી સાધકો મંત્રના શબ્દનું કેવલ નાદરૂપે અથવા ધ્વનિરૂપે રટણ કરે છે. આથી મંત્રની નાદશક્તિ આપણા જ્ઞાન અને ક્રિયાતંતુમાં વ્યાપ્ત થાય છે, અને તેથી બીજા પદાર્થોનાં જ્ઞાન અને તેની પ્રાપ્તિના વ્યવસાયમાંથી આપણને છોડવી એક રીતે વિજાતીય વૃત્તિઓને તે મંત્રજપ અટકાવે છે તે વાત ખરી છે, પરંતુ મંત્રની વાચકશક્તિસાથે તે જપ થયેલો નહિ હોવાથી આપણે સજાતીયવૃત્તિના અસ્તવ્યસ્ત તરંગોને ધારાવાહી કરી શકતા નથી. કેવલ નાદશક્તિ અથવા ધ્વનિશક્તિ મોટા સ્ટીમરોડ રોલર જેવી છે. તે વડે નાના મોટા સર્વ વિષયોના કાંકરા દબાઇ જાય છે, પરંતુ તેના ઉપર "કાંક્રીટ" વિના ગાડીઓના રબરને ઘસારો પહોંચે છે, અને પગે ચાલનારના પગના તળીઆમાં દુઃખ થાય છે. મંત્રની વાચકશક્તિ ચિત્તભૂમિને સજાતીય વૃત્તિના "કોન્ક્રીટ" વડે સરલ અને સુગમ બનાવે છે.

સરળ અને સુગમ પ્રવાહઅર્થે વાચકશક્તિ છે; અને ગંતવ્ય ધામે પહોંચાડનારી વાચ્યશક્તિ છે. ઘણો સુંદર રસ્તો હોય, પરંતુ જે ધામઉપર તે લઇ જાય છે તે ધામમાં પેસતાં મોટા ખાડા હોય તો આપણો પ્રવાસ ગમે તેટલી ત્વરાથી અને સુગમતાથી કર્યો હોય તો પણ નિરર્થક ગણાય છે. તેમ જે મંત્રની વાચ્યશક્તિ ઉઘડી નહિ તે

મંત્ર નાદશક્તિસંપન્ન હોય, અને વાચકશક્તિથી સંપન્ન હોય તો પણ ઇષ્ટ પ્રાપ્તિ કરાવતો નથી.

સારાંશ મંત્રજાપીએ પોતાના ઇષ્ટમંત્રને કેવલ નાદબ્રહ્મમાંથી વાચકબ્રહ્મરૂપે આણવો જોઇએ, અને ત્યારપછી તેને વાચ્યબ્રહ્મરૂપે વ્યક્ત કરવો જોઇએ. વૈખરી વાણીમાં ઇતરને સંભળાય તેવો જપ પ્રાણના વેગવાળો હોવાથી નાદબ્રહ્મ સમજવો; મધ્યમામાં આપણને જ નાદનું ભાન કરાવનાર જપ તે મનના વેગવાળો હોવાથી વાચકબ્રહ્મરૂપ સમજવો; અને પશ્યંતી વાણીમાં થતો બુદ્ધિના વેગવાળો જપ તે વાચ્યબ્રહ્મરૂપ સમજવો. શબ્દનું આવું ત્રિવિધ સ્વરૂપ–નાદરૂપ, વાચકરૂપ અને વાચ્યરૂપ–શબ્દની અંતસ્થ શક્તિરૂપ છે. શબ્દની તન્માત્રારૂપ દ્રવ્યમાં જ આ શક્તિ રહેલી છે. તે ગુપ્ત અથવા અવ્યક્ત છે; તેને પ્રકટ અથવા વ્યક્ત કરનારને પરાશક્તિ કહે છે અને તે અધ્યાત્મશક્તિ છે અર્થાત્ આત્માની પોતાની સ્વયંભૂ શક્તિ છે. આ શક્તિ ચિતિરૂપા છે એટલું જ નહિ પરંતુ ચૈતન્યરૂપા છે. તે વ્યાપક અગ્નિતત્ત્વ જેવી છે એટલું જ નહિ, પરંતુ સળગતા અગ્નિની જ્યોતિ જેવી છે. ચિતિશક્તિ વ્યાપક છે. ત્યારે ચૈતન્યશક્તિ પ્રકાશતા હીરા જેવી છે; ચિતિશક્તિ વિભુ છે ત્યારે ચૈતન્યશક્તિ અણુ છે: ચિતિશક્તિ **મહતો મહીયસી પ્રકૃતિ** છે ત્યારે ચૈતન્યશક્તિ **અણોરણીયસી પ્રકૃતિ** છે, ચિતિશક્તિ શબ્દબ્રહ્મ અને અર્થબ્રહ્મમાં શાંત ભાવે રહે છે: ત્યારે ચૈતન્ય શક્તિ શબ્દબ્રહ્મ અને અર્થબ્રહ્મમાં સ્પંદભાવે ઝળક છે; ચિતિશક્તિ નિરાકારા, નિર્વિશેષા, અને નિર્ગુણા છે, ત્યારે ચૈતન્યશક્તિ સાકારા, સવિશેષા અને સગુણા છે; ચિતિશક્તિ અધિષ્ઠાન અથવા યોનિરૂપ છે, ત્યારે ચૈતન્યશક્તિ આધેય અથવા લિંગરૂપ છે; ચિતિશક્તિ અધિષ્ઠાનભાવથી ભ્રષ્ટ થતી નથી, ત્યારે ચૈતન્યશક્તિ ઉન્મુખ થાય છે, ચિતિશક્તિ જ્ઞાનપ્રધાના છે ત્યારે ચૈતન્યશક્તિ જ્ઞાતૃપ્રધાના છે; ચિતિશક્તિમાં સામાન્ય પ્રકાશ હોય છે, ત્યારે ચૈતન્યશક્તિમાં વિશેષ પ્રકાશ હોય છે; ચિતિશક્તિમાં પ્રમાતાનું અભિમાન હોતું નથી. ચૈતન્યશક્તિમાં તે હોય છે. આ પ્રમાણે આપણા આત્માની ચિતિશક્તિ અને ચૈતન્યશક્તિ સ્વયંભૂ છે: તેમાંથી મંત્રની વાચ્ય અર્થશક્તિને અને વાચક શબ્દશક્તિને સ્પંદ આપનારી શક્તિ તે ચૈતન્યશક્તિ છે. આ વાચ્ય–વાચકને વ્યક્ત કરવાનો વેગ આપનારી શક્તિને પરાશક્તિ પણ કહે છે. આ પ્રમાણે સાધકના આત્માસાથે મંત્રનો સંબંધ નીચે પ્રમાણે બનેલો હોય છે:—

શબ્દના વ્યાપાર અથવા પ્રવૃત્તિ	અર્થની વ્યક્તિ અથવા સ્ફોટ	અધ્યાત્મ વ્યાપાર અથવા પ્રવૃત્તિ.
૧ વૈખરી વાણીનો જપ (નાદબ્રહ્મ)–	પ્રાણસ્પંદ	ક્રિયાશક્તિ
૨ વાચકશક્તિવાળો મધ્યમાનો જપ– (વાચકબ્રહ્મ)–	મનઃસ્પંદ	ઇચ્છાશક્તિ
૩ વાચ્યશક્તિવાળો પશ્યંતી વાણીનો જપ (વાચ્યબ્રહ્મ)	બુદ્ધિસ્પંદ	જ્ઞાનશક્તિ
૪ શબ્દનિરોધ	અર્થનિરોધ	નિર્વાણશક્તિ

શુદ્ધ વિદ્યાનો ઉદય (શુદ્ધ ચૈતન્યસ્પંદ)

ઉદાહરણ તરીકે **ૐ નમઃ શિવાય**–એ મંત્ર આપણે સ્પષ્ટ ઉચ્ચારથી વૈખરી વાણીમાં જપીએ ત્યારે આપણે વાણીના સ્થાનને ક્રિયાનો વેગ આપીએ છીએ, અને તે વેગવડે પ્રાણવાયુનો સ્પંદ થાય છે, અને ઉપરના **ન**કાર **મ**કાર ઇત્યાદિ વર્ણોથી રચાયેલાં પદો અને આખું વાક્ય નાદબ્રહ્મના શરીરરૂપે ઘડાય છે. વૈખરીવાણીમાં થતો **ૐ નમઃ શિવાય**–એ જપ આપણે ઉપજાવેલો નાદબ્રહ્મનો સપ્રાણ અને સક્રિય દેહ છે અથવા મંત્રમય તનુ છે.

મંત્રમય તનુ અથવા શરીરમાં પ્રાણાત્મારૂપે પેઠેલી નાદશક્તિ શિવતત્ત્વની કોઇ નાની કલાને–(પછી તે કલા ચંપાની કળીના ઉપલા એક પડ જેવી હોય)–જ્યારે ખીલવે છે ત્યારે શબ્દની નાદશક્તિ પલટાઇ સમનાશક્તિ એટલે સંકલ્પરૂપા બને છે. આપણે જપ કરનાર શિવતત્ત્વના કોઇ સાકારરૂપના અંશને, કોઇ વિશેષરૂપને, અથવા કોઇ ખાસ ગુણને મધ્યમામાં ઉકલીએ છીએ. આ પ્રમાણે શિવતત્ત્વના કોઈ સ્થૂલ રૂપને, અથવા સ્થૂલ ગુણને અથવા સ્થૂલ કર્મને આપણે ક્રમશઃ ચિંતવીએ છીએ. આપણે સામાન્ય સમજણવાળા મનુષ્યની પેઠે શિવની પાર્વતીસહિત અને ગંગાને ધારણ કરનારી કોઇ રમ્ય મૂર્તિને, આ વિશ્વઉપર જ્ઞાન અને વૈરાગ્યથી ગર્ભિત નેત્રવડે જોતી, અને ઇન્દ્રાદિ દેવોને ભસ્મની ચપટીથી ઐશ્વર્ય આપતી મનમાં ઉભી કરીએ છીએ. આપણે મધ્યમાના જપમાં ઉભી થયેલી અનાદિ અને અનંત ગુણોવાળી શિવતત્ત્વની મૂર્તિની અત્યંત નાની કલાને જગવીએ છીએ. અને તેસાથે આપણી જીવકલા એમ ઝંખે છે અથવા એમ ઇચ્છે છે કે આ શિવકલાસાથે હું શી રીતે સાયુજ્ય પામું.

મંત્રની આ મધ્યમા વાણીમાં ઉભી થતી ઇષ્ટદેવતાની નાની મૂર્તિ, અને તેના એક બે ગુણો અથવા પરાક્રમોને પ્રકટ કરનારી શબ્દશક્તિને વાચકશક્તિ કહે છે. સપ્રાણ અને સક્રિય મંત્રનું નાદાત્મક શરીર આપણને કહે છે કે આ મૂર્તિ અમુક અમુક અલૌકિક ગુણોવાળી, અને પરાક્રમવાળી છે. નાદાત્મક શરીર જાણે બોલતું હોય એવું મંત્રજાપીને સમજાય છે, તેથી આ શક્તિને વાચકશક્તિ કહે છે. તે આપણા કંઠના આકાશમાં "દેવવાણી" પેઠે બોલે છે. બોલનાર જાણે પડદામાં હોય અથવા ઉંચે હોય એવી સ્થિતિ આ પ્રકારના જપમાં હોવાથી આપણે દેવતાને જો કે કેવલ અવ્યક્ત ગણતાં નથી, પરંતુ વ્યક્તાવ્યક્તભાવવાળા—સહજ ઝાંખી કરાવનાર છાયારૂપવાળા—ગણીએ છીએ.

મંત્રજપ મુખમાંથી કંઠમાં ઉતર્યા પછી અધિક અભ્યાસના પરિણામમાં આપણા હૃદયદેશમાં થતો ચાલે છે. વૈખરીને જગવનાર પ્રાણને આપણે પ્રેરવો પડતો નથી; મધ્યમાને જગવનાર મનને આપણે પ્રેરવું પડતું નથી, પરંતુ પશ્યંતીમાં આપણે અંતર્મુખ ઉતરેલી દૃષ્ટિવડે—બુદ્ધિના ચક્ષુવડે—ૐ **નમઃ શિવાય** એ વર્ણાવલિ અક્રમભાવથી ઉકેલીએ છીએ. જેમ બાહ્યનેત્રવડે આકાશમંડલમાં તારાઓને એક જ દૃષ્ટિથી જોઇએ, તેમ મંત્રની વર્ણાવલિને ખીલેલા પુષ્પ જેવી આપણે ટગરટગર બુદ્ધિની દૃષ્ટિવડે જોઇ શકીએ છીએ. પરંતુ વર્ણાવલિસાથે જ ઇષ્ટદેવતાનું દિવ્યરૂપ વાચ્ય અર્થરૂપે આપણે ઉકેલીએ છીએ. આપણા ઇષ્ટદેવનું સ્વરૂપ વૈખરીમાં પ્રાણમય હતું, અને મધ્યમામાં મનોમય હતું તે હવે પશ્યંતીમાં વિજ્ઞાનમય બનેલું જોઇએ છીએ. આ વિજ્ઞાનમાત્રાનું બનેલું ઇષ્ટદેવતાનું દિવ્યરૂપ આપણને વાચ્યાર્થના પ્રત્યેક સંકેતને ઉકેલતું ચાલે છે. જેમ ભાષાની વ્યુત્પત્તિ સિદ્ધ થયા પછી વાક્યાર્થના ગ્રહણમાં આપણને પદાર્થ ગ્રહણ કરવાનો શ્રમ રહેતો નથી અને કોશ તથા વ્યાકરણની મદદ લેવી પડતી નથી, તેમ આ પશ્યંતીના જપમાં વ્યક્ત થયેલી ઇષ્ટદેવતાની વિજ્ઞાનમયી મૂર્તિના અંગો, પ્રત્યંગો, વિશેષો, ગુણો, આવરણ દેવતાઓ, વાહન, મુદ્રા આયુધો વગેરે સર્વ સામગ્રી સમગ્ર વાક્યાર્થ જેવી સત્વર સ્ફુટ થઇ જાય છે. આ સ્ફોટ થવામાં આપણી અધ્યાત્મજ્ઞાનશક્તિ બુદ્ધિને મદદ આપે છે, બીજા કોઇ પણ સાધનની તેમાં જરૂર રહેતી નથી. પરમ માહેશ્વર શ્રીકંઠાચાર્ય આ પ્રાતિભદર્શનવડે શિવતત્ત્વને સમજ્યા પછી કહે છે કે "અમારા નિત્ય સ્વયંપ્રકાશ સ્વરૂપને

પોતાના અહંકારના દીપકમાં પેઠેલું છતાં અમો જીવો "શિવ નથી" એમ કહેવાનું સાહસ કરીએ છીએ, અને તેવા જડ બણુઓ જે જાતિના છે (બળદ જેવા છે) તેનું તેમને ભાન કરાવવા જાણે હે શિવ! તમે વૃષભને આગળ કર્યો લાગે છે! અર્થાત્ તમારૂં વાહન પોતે પૂર્ણ નંદી છે, અને જીવો ભારવાહી બળદ છે એમ સૂચવે છે!"

મંત્રની વાચ્યશક્તિ શિવતત્ત્વને વ્યક્ત કરે છે. પશ્યંતી જપમાં **वश कान्तौ**–એ ધાતુમાંથી ઉત્પન્ન થયેલો અને વર્ણના વિલોમ-વાળો શબ્દ (**वशि**નું અવળું રૂપ **शिव**) સ્વયંપ્રકાશ અને અત્યંત સુંદર અહંપદાર્થ તે શિવ–એવું વાચ્યદેવતાનું ભાન જાગે છે. શુદ્ધ "હું" તે શિવ એ સ્ફુર્તિ મંત્રજાપીને વિદ્યુત્ જેવી જાગે છે. આ સ્ફુર્તિને માંત્રિકો વિદ્યા કહે છે કારણ કે તેવી સ્ફુર્તિ "હું" સાથે જોડાયેલા સર્વ સંસારી ધર્મોને કાપે છે (**विविधान् वासना-जालान् द्यति विद्येति कीर्त्यते**—વિવિધ સંસારની વાસનાની જાળોને કાપે છે માટે આ મંત્રની વાચ્યશક્તિ વિદ્યા કહેવાય છે, વિદ્યા શબ્દ **वि+दु** (કાપવું) એમાંથી વ્યુત્પન્ન થયો છે એટલું જ નહિ પણ **विद्** (જાણવું) એ ધાતુમાંથી (**विद्+आ=विद्या**) સર્વાંશ જાણવું અથવા અનુભવવું તેનું નામ વિદ્યા.

વિજ્ઞાનમય રૂપવાળા અહંપદાર્થરૂપ શિવતત્ત્વને સર્વાંશે અનુભવવું એનું નામ "શિવતત્ત્વવિમર્શિની વિદ્યા" એટલે શિવતત્ત્વનું અધ્યાત્મપ્રત્યક્ષ કરાવનારી મંત્રની પદ્ધતિ કહે છે. જે મંત્ર પ્રથમ નાદાત્મક હતો અને દેવતાના પ્રાણમય શરીરમાં વ્યાપ્ત થયો, જે મંત્ર પછીથી વાચક શક્તિવાળો થઇ દેવતાના મનોમય શરીરમાં વ્યાપ્ત થયો; જે મંત્ર પુનઃ વાચ્યશક્તિવાળો થઇ તે જ દેવતાના વિજ્ઞાનમય શરીરમાં વ્યાપ્ત થઇ મંત્રજાપીના સંમુખ તેના શુદ્ધ અહંરૂપને દર્પણમાં પ્રતિબિંબ પડે તેમ ભુવન રૂપે–સચેતન દેહરૂપે–અનુભવાયો તે મંત્ર વિદ્યારૂપ બન્યો કહેવાય; તે મંત્રનો જપનાર વિદ્વાન્ કહેવાય. ઇતર મંત્રના જપ જપનારા અવિદ્વાન્ અથવા અવિદ્યાવાળા એટલે કેવલ કર્મ કરનારા સમજવા.

દેવતાના વિગ્રહનું અથવા શરીરનું આ વિજ્ઞાનમય પશ્યંતી વાણીના દર્પણમાં થતું પ્રત્યક્ષ પૂર્ણવિદ્યા નથી, પરંતુ અણુવિદ્યા છે. તેમાં પણ શુદ્ધ અહંપદાર્થને મર્યાદા આપનારો દોષ હોવાથી

તે વિદ્યા પિંડના આવરણનો ભેદ કરી બ્રહ્માંડમાં અહંસ્ફુરણ અમર્યાદરૂપે કરાવી શકતી નથી. પિંડના આવરણનો ભેદ કરી બ્રહ્માંડના આવરણમાં રહેલા સર્વ પ્રાણી પદાર્થોમાં દેવતાનું પ્રત્યક્ષ કરાવનારી વિદ્યાને શુદ્ધવિદ્યા કહે છે. ઘણા કાળના પશ્યંતી વાણીના જપની વિદ્યાત્મક સિદ્ધિ થયા પછી વિદ્વાન્ મંત્રજાપીની વાચ્ય શક્તિ પિંડનું અતિક્રમણ કરનારી થાય છે. જેમ સામાન્ય અજવાળું આપણાં પિંડના અંદરના અવયવો અને તેની સ્થિતિનો પ્રકાશ કરી શકતું નથી પરંતુ "એક્સ" કિરણોવડે તે અવયવો અને તેની સ્થિતિનો "ફોટો" પડી શકે છે, તેમ જ અણુરૂપે સિદ્ધ થયેલી આ વિદ્યાશક્તિ પિંડના પરમાણુઓના પુંજને ભેદી અગમ્ય કિરણોવડે બ્રહ્માંડમાં પ્રસારણ પામે છે. દેવતાના જ અહંપ્રત્યક્ષનો આ ભાવાવેશ જે જે પદાર્થો અને પ્રાણીઓના સંબંધમાં થાય તે તે પ્રાણીપદાર્થો દેવતાની વિભૂતિથી રંગાયેલા અનુભવાય છે. આ બ્રહ્માંડના પ્રાણીપદાર્થોમાં દેવતાની વિભૂતિથી રંગાયેલા રૂપને માંત્રિકો દેવતાની આનંદમયી મૂર્તિ કહે છે. દેવતાની આનંદમયી ઓરાથી વીંટળાયેલું આ રૂપ જેને પ્રત્યક્ષ થાય તે મંત્રજાપીની વિદ્યાએ શુદ્ધવિદ્યાનું રૂપ પકડયું સમજવું. જ્યાં સુધી આ ભાવાવેશવાળી શિવદૃષ્ટિ અમુક શિષ્યમાં અથવા પુત્રમાં વળગેલી રહે ત્યાં સુધીમાં તે શિષ્યના અથવા પુત્રના શરીરમાં રહેલા અણુમલ, માયામલ, અને કર્મમલ પાકી જાય છે. આ શુદ્ધ વિદ્યાના ભાવના આવેશવાળી સિદ્ધની દૃષ્ટિ અદ્‌ભુત ચૈતન્યશક્તિનો પાત કરાવી પુત્રના અથવા શિષ્યના પિંડનો વેધ કરે છે. શુદ્ધવિદ્યાની સંપત્તિવિના આ વિભૂતિ અથવા ભસ્મ અન્યના મલને પકવ કરવામાં આપી શકાતી નથી. આ અત્યંત પવિત્ર ચિન્મયી દૃષ્ટિનો પાત સિદ્ધ જનો પોતાના અત્યંત ભક્ત પુત્ર અથવા શિષ્યપ્રતિ જ કરે છે, અને તેથી શુદ્ધવિદ્યાની ખુમારીવાળો સિદ્ધ પુરુષ ઘણે ભાગે નિમેષ દૃષ્ટિવાળા અથવા નીચી દૃષ્ટિથી ઉન્મેષ કરનારા હોય છે. તેવા પુરુષોની સંમુખ દૃષ્ટિ ઘણા પુણ્યના ફ્લરૂપે કોઇક જ મેળવી શકે છે.

મંત્રને ઉપરના પ્રકારથી વિદ્યાનું રૂપ આપવું એનું નામ મંત્રરક્ષણ છે. કોઇને મંત્ર કહેવો નહિ એટલામાં મંત્રરક્ષણ નથી. વિદ્યાના રૂપમાં પલટાયેલો મંત્ર કદી ખોવાતો નથી, કેમકે તેમાં અનુભવ, પીઠમાં રહેલો હોય છે. મંત્રને વિદ્યાના રૂપમાંથી શુદ્ધ

વિદ્યાનું રૂપ આપવું એટલે કે પોતાના પિંડનું અતિક્રમણ કરી અન્ય બ્રહ્માંડસ્થ પ્રાણી પદાર્થમાં દેવતાના અહંગ્રહને—એટલે અહંભાવને–પ્રસરાવવું તેનું નામ મંત્રદીપન છે.

જેઓને મંત્રપ્રાપ્તિ થઈ હોય તેમણે મંત્રરક્ષણ અને મંત્રદીપન કરવાનો ક્રમ સાધવો જોઈએ. પોતાની આત્મશક્તિ પ્રતિબદ્ધ દશાવાળી કુંડલિનીરૂપ હોય તો તેણે પોતાના સિદ્ધ ગુરુની શિવદૃષ્ટિના વેધવડે તેને જગવવી જોઈએ, અને તેને કુંડલિનીનું રૂપ મુકાવી સીધા સુષુમ્ણાના ઝીણા માર્ગે શુદ્ધ અહંપદાર્થમાં (શિવતત્ત્વમાં) સાયુજયભાવ પામતી કરવી જોઈએ.

મંત્રની વિદ્યા અથવા શુદ્ધવિદ્યા મંત્રનું રક્ષણ અને મંત્રનું દીપન કરે પરંતુ જે સાધકે સિદ્ધ પુરુષના મંત્રરક્ષણ અને મંત્રદીપનનો લાભ લેવો હોય તેણે વિનય સામગ્રી મેળવવી જોઇએ. જેમ ધાતુ અથવા દ્રવ્યને ઘસવાથી, ટીપવાથી, તપાવવાથી, અને એવી ક્રિયાઓવડે ઓપ મળે છે, પરંતુ કેવલ માટીને તેવો ઓપ આપી શકાતો નથી, તેમ પુત્ર અથવા શિષ્યમાં દ્રવ્યસંપત્ હોય તો જ તેનામાં ગુરુની વિદ્યા અને સદ્ગુરની શુદ્ધ વિદ્યા વિનયનો સંસ્કાર લાવી શકે છે. તે દ્રવ્યસંપદ્ એટલે બાહ્ય ધન નહિ, પરંતુ આંતરબુદ્ધિની સંપત્તિની અગત્ય રાખે છે. વિનીત થવાની ઇચ્છાવાળાએ વિદ્વાનનો સંબંધ કરી આઠ પ્રકારની સંપત્તિ મેળવી રાખવી, કારણ કે ગુરુદક્ષિણામાં આ આઠ સંપત્તિમાંની એક પણ સંપત્તિ ગુરુચરણમાં મુકવી પડશે. વિત્તશાઠ્ય કરનારને જગદ્‌ના વ્યવહારો સિદ્ધ થતા નથી, તેમ ધર્મશાઠ્ય કરનારને પરમાર્થની સિદ્ધિ થતી નથી. મંત્રમાર્ગમાં જે સંપત્તિની જરૂર છે તે જ્ઞાનમાર્ગની શમાદિ ૭ સંપત્તિથી જૂદા પ્રકારની છે. તેનું સૂત્રવાક્ય:—

शुश्रूषाश्रवणग्रहणधारणाविज्ञानऊहापोह—

तत्त्वाभिनिविष्टबुद्धिं विद्या विनयति नेतरम् ।—

૧ ગુરુની શુશ્રૂષા, (૨) મંત્રશબ્દશ્રવણ; (૩) મંત્રના અર્થનું ગ્રહણ (૪) મંત્રના અર્થનું ધારણ, (૫) મંત્રના અર્થના ચૈતન્યનું વિજ્ઞાન, (૬–૭) મંત્ર રહસ્યના સંબંધમાં તર્ક વિતર્ક કરવાનું બલ, અને (૮) મંત્ર રહસ્ય અથવા તત્ત્વમાં સદાગ્રહવાળી બુદ્ધિ— આ આઠ સંપત્તિવાળા શિષ્યને વિદ્યાવિનીત કરે છે, અન્યને નહિ.

વિદ્વાન્ મંત્રવિદ્ સિદ્ધકોટિમાંથી તમને આ સામગ્રીસંપન્ન હશો તો વિનયનું દાન કરશે. તે સામગ્રીવિના તે પોતાના વિદ્યા

અથવા શુદ્ધ વિદ્યાને કાચબાની પેઠે પોતામાં સંકોચી રાખશે. સિદ્ધ મંત્રાવદ્ તમારી પાસે "મારૂં કોઇ સાંભળો. મારે કોઇ દ્રવ્ય સંદેશો કહેવો છે"—એવું ડિંડિમ વગાડી ભાષણ કરવા નહિ આવે. તમારે તેમની પાસે શુશ્રૂષા કરી જવું પડશે. તેમના પ્રતિ તમારે આદર કરવો પડશે, તેમના પ્રતિ ભક્તિ અને પ્રેમ પ્રકટાવવો પડશે. આ મંત્રમાર્ગની પહેલી સંપત્તિ ઘણાઓને મોંઘા મૂલની થઇ પડી છે. મંત્રવિદ્યા અને પ્રકટવિદ્યામાં મોટો ભેદ એ છે કે પ્રથમની સિદ્ધિ કરવામાં તચ્છરણતાની પહેલે ડગલે જરૂર છે, ત્યારે બીજાની સિદ્ધિમાં ગુરુને ઉપકાર પ્રદર્શિત કરવાની માત્ર વ્યવહારની નીતિ બસ થાય છે. મંત્રવિદ્યામાં સદ્ગુરુ સર્વસ્વ આપે છે માટે શિષ્યમાં સર્વત્યાગવાળા યત્નની જરૂર છે; પ્રકટાવદ્યામાં ગુરુ લૌકિક અર્થ સાધનારી વિદ્યા આપે છે માટે અર્થત્યાગની જરૂર છે.

એક મંત્રસિદ્ધ પુરુષ ગમે તે શાસ્ત્રમાં દૃષ્ટિ નાંખે તેમાં સુંસરો ઉતરી જાય છે. કારણ કે તેને મંત્રનું દીપન થવાથી તેનો વિનિયોગ ગમે તે શાસ્ત્રનું જ્ઞાન મેળવવામાં કરી શકે છે. મંત્રસિદ્ધિપાસે અધ્યાત્મશાસ્ત્ર અથવા અધિભૂતશાસ્ત્ર અથવા અધિદૈવશાસ્ત્રના મંત્રની કુંચી છે. તેવડે તે તે શાસ્ત્રોની પેટીઓ ઉઘાડી સર્વ વસ્તુનો સાક્ષાત્કાર કરી શકે છે. પરંતુ સંસારના પાકા અનુભવવાળા ભર્તૃહરિના કહેવા પ્રમાણેઃ—

तत्तद्रुत्प्रेक्षमाणानां पुराणैरागमैर्विना ।
अनुपासितवृद्धानां विद्या नातिप्रसीदति ॥

પુરાતન રહસ્યગ્રંથોના મર્મને બુદ્ધિમાં નવા નવા અંકુરિત કર્યા વિના, અને વિદ્યાવૃદ્ધ મહાપુરુષોની ઉપાસના કર્યા વિના વિદ્યા પ્રસાદ આપનારી કદી થતી નથી.

સારાંશઃ "મંત્ર સિદ્ધ કેમ થતો નથી"—એ પ્રશ્નનું ઉત્તર એટલુંજ કે "તમે મંત્રપ્રાપ્તિ કર્યા પછી મંત્રનું રક્ષણ કર્યું નથી, મંત્રનું દીપન કર્યું નથી, અને મંત્રદાતા સદ્ગુરુની જોઇએ તેવી શુશ્રૂષા કરી નથી, અને વિદ્યાવૃદ્ધ ગુરુજનોની ઉપાસના કરી નથી તેથી મંત્ર સિદ્ધ થતો નથી. મારે દીલગીરીસાથે કહેવું જોઇએ કે કેટલાકે મંત્ર પ્રાપ્ત કરી ઉલટો ક્રમ સાધ્યો છે એટલે કે મંત્રને પ્રકટ કરી તેના વીર્યને ગુમાવ્યું છે, મંત્રને ઉંઘતો કર્યો છે, મંત્રદાતા ગુરુનો દ્રોહ કર્યો છે, વિદ્યાવૃદ્ધ ગુરુજનોની અવગણના અથવા હાંસી કરી છે, તેથી તમારો મંત્ર પક્ષીના કલકલ નાદ જેવો જ માત્ર રહ્યો છે.

नर्मदाशंकर देवशंकर महेता.

जैनदर्शन.

(૧)

ઘણા કાળસુધી જૈન અને બૌદ્ધોના બાહ્ય આચારોના સામ્યને લીધે તથા જૈનસાહિત્યના અજ્ઞાનને લીધે એવું માનવામાં આવતું હતું કે આ બે ધર્મોનાં મૂલતત્ત્વો એક હશે; પરંતુ વસ્તુસ્થિતિ તદ્દન જુદી છે. બ્રાહ્મણોના વેદધર્મસાથે જૈન અને બૌદ્ધમતનો નિકટ સંબંધ છે. બ્રાહ્મણોનો હિંદુધર્મ, બૌદ્ધધર્મ અને જૈનધર્મ—એ ત્રણ ભારતવર્ષના ત્રણ ગંગા, યમુના અને સરસ્વતીજેવા મોટા નદીના પ્રવાહો છે. તે પ્રવાહો કેટલાક સિદ્ધાન્તોમાં મળી જાય છે, અને પ્રયાગજેવાં સર્વસામાન્ય તીર્થો ઉભાં કરે છે.

બ્રાહ્મણોના આરણ્યક અને સૂત્રસમયમાં ચાર આશ્રમોની વ્યવસ્થા હતી. પરંતુ વેદના કર્મકાંડની બલવાળી સત્તાના સમયમાં ચોથા આશ્રમની વ્યવસ્થા ન હતી. યાવજ્જીવ કર્મ કરવાં એવા સિદ્ધાન્તમાં ત્યાગના આશ્રમને મહત્તા અપાઇ ન હતી. પરંતુ ઉપનિષદોમાં કર્મબંધનથી મુક્ત પુરુષને પરિવ્રાજક કહેવામાં આવતા, અને તેઓ સંસારસંબંધમાં રહેનાર પ્રથમના ત્રણ આશ્રમીઓકરતાં જુદા મંતવ્યવાળા ગણાતા. "પરિવ્રાજક" શબ્દ જ સર્વત્ર ફરનાર એવા અર્થનો વાચક છે. તેમના ધર્મોનું વિધાન કૌટિલ્ય અર્થશાસ્ત્ર જે ઇ. સ. પૂ ૩૦૦નો ગ્રંથ છે તેમાં જે આપવામાં આવ્યું છે. તે ઉપરથી સમજાય છે કે બ્રાહ્મણ પરિવ્રાજક અને જૈનસાધુ અથવા યતિના બાહ્યધર્મોમાં અને આચારોમાં મોટો ભેદ ન હતો. બ્રાહ્મણોના ચતુર્થ આશ્રમોના ધર્મો અને બૌદ્ધો તથા જૈનોના આચારધર્મો સઘળા યમ અને નિયમમાં ગુંથાએલા અને શમ તથા દમના પ્રાધાન્યવાળા છે. આ ત્રણે ધર્મો નિવૃત્તિપ્રધાન અથવા ત્યાગપ્રધાન કહીએ તો ખોટું નથી. પ્રવૃત્તિધર્મને નિવૃત્તિધર્મના સાધનરૂપે સ્વીકારવામાં આવે છે; અને તેથી જેવી રીતે બ્રાહ્મણો પ્રથમના ત્રણ આશ્રમોના ધર્મને ચોથા આશ્રમના ઉપકારક માને છે, તેવી રીતે બૌદ્ધ અને જૈનો સંસારી અથવા શ્રાવકના ધર્મો ભિક્ષુક અથવા યતિના ધર્મની સિદ્ધિના પ્રથમ પગથીઆરૂપ સ્વીકારે છે.

પરંતુ બ્રાહ્મણોના પરિવ્રાજકો આચારમાં સરખા છતાં તેમના મંડલમાં વિચારોના ભેદ ઘણા જુના હતા, અને હાલ જેવા હિંદુ-

ધર્મના ત્યાગીઓમાં અનંત ભેદ જોવામાં આવ્યા હતા. જેવા કે કેટલાક જટાધારી, કેટલાક મુંડી, કેટલાક ભસ્મધારી બાવા, કેટલાક ઉદાસી; તેઓ વર્ણ-મર્યાદા બહાર ગયેલા આ ત્યાગીઓનાં મંતવ્યો પ્રાચીન કર્મકાંડને વશ વર્તનારાં ન હતાં. તેમના લગભગ ૬૩ ભેદો હતા એવું જૂના બૌદ્ધ ગ્રંથોમાંથી જણાય છે.

જૈનો પોતાની સિદ્ધદશાવાળા વિચારકોને તીર્થંકર કહે છે. તેમના આજ સુધીમાં ચોવીસ તીર્થંકરો થયા છે; અને તેમની કાલકલ્પના અને પ્રાચીન તીર્થંકરોનાં ઇતિવૃત્તસંબંધમાં ઐતિહાસિક દૃષ્ટિથી તપાસતાં એટલું તો સમજાય છે કે એમનો ધર્મસંપ્રદાય ઘણો પ્રાચીન છે, તેમના આદ્ય તીર્થંકર ઋષભદેવજીએ પોતાના પુત્ર ભરતને ચક્રવર્તી રાજ્યાસન આપી સંસારધર્મનો ત્યાગ કરી સિદ્ધપદને મેળવ્યું હતું. તેમના ત્યાર પછીના બાવીસ તીર્થંકરોસંબંધની પ્રમાણવાળી ઐતિહાસિક માહિતી મળી આવતી નથી; પરંતુ ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ અને ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામીસંબંધમાં ઘણી હકીકત મળી આવી છે. આ બે તીર્થંકરોના જીવનવૃત્તસાથે જૈનતત્ત્વદર્શનનો અધ્યાત્મસંબંધ હોવાથી અત્ર તેમના તત્ત્વદર્શનના વિચારોપૂર્વે તેમના જીવનચરિતને આપવું યોગ્ય ગણ્યું છે.

(૨) પાર્શ્વનાથ (ઇ. સ. પૂ. ૮૦૦)

ઐતિહાસિક જૈનધર્મની સ્થાપના અથવા લુપ્તધર્મનો પુનઃઉદ્ધાર શ્રી પાર્શ્વનાથે કર્યો હતો. તેઓ મહાવીર સ્વામીના કૈવલ્યપહેલાં બસો પચાસ વર્ષઉપર નિર્વાણ પામ્યા હતા અને તેઓ સો વર્ષ જીવ્યા હતા. ઈ. સ. પૂ. ૩૦૦ માં થયેલા જૈન યતિ ભદ્રબાહુના કલ્પસૂત્રમાં આપેલી માહિતીપ્રમાણે પાર્શ્વનાથ ક્ષત્રિય જાતિના હતા. તેમના પિતા કાશીના રાજા અશ્વસેન હતા, અને તેમની માતાનું નામ વામા હતું. પાર્શ્વનાથે ગૃહસ્થતરીકે ત્રીસ વર્ષ વૈભરી જીવન ગાળ્યું હતું; અને ત્યાર પછી સઘળો રાજવૈભવ ત્યજી ભિક્ષુકદશા સ્વીકારી હતી. તેમણે ૮૪ દિવસ સુધી ભારે તપ કર્યું અને કેવળ જ્ઞાન પ્રાપ્ત કરી ૭૦ વર્ષ પર્યન્ત સિદ્ધજીવન ગાળ્યું હતું; અને સમેત પર્વતના શિખરઉપર નિર્વાણ પામ્યા હતા.

ભવિષ્યમાં થનાર મહાવીર સ્વામીના સિદ્ધાન્તો અને પાર્શ્વનાથના સિદ્ધાન્તોમાં ઘણો ભેદ ન હતો. પરંતુ ઐતિહાસિક અવલોકનથી સમજાશે કે જૈનોનાં પ્રથમનાં ચાર વ્રતો—અહિંસા, સત્ય, અસ્તેય

અને અપરિગ્રહ–પાર્શ્વનાથે વિધાન કર્યાં હતાં અને પાંચમું વ્રત–બ્રહ્મચર્ય તે શ્રી મહાવીરે ઉમેર્યું હતું અને તેના ઉપર તેમણે ભાર મુક્યો હતો. બીજું શ્રી પાર્શ્વનાથે એક વસ્ત્ર અને બીજું ઉપવસ્ત્ર રાખવાની છૂટ આપી હતી. શ્રી મહાવીરે કેવળ વસ્ત્રવિના રહેવાના કર્કશ આચારને દાખલ કર્યો હતો. આ પાંચમા વ્રત અને કેવળ નગ્નતા–એ બે આચારના મુદ્દાઉપર મહાવીરના અનુયાયી ગૌતમ, અને પાર્શ્વના અનુયાયી કેશીવચ્ચે વાદવિવાદ થયાનું સૂત્રગ્રન્થોમાં સમજાય છે. તેથી પાર્શ્વ અને મહાવીરના અનુયાયીઓ વચ્ચે આચારમાં મતભેદ ઘણા જૂના જણાય છે. કદાચ ભવિષ્યમાં શ્વેતાંબર અને દિગંબર–એ બે તફા જૈનધર્મમાં પડયા છે તેનાં મૂળ બીજ આ આદ્ય તકરારમાં હશે.

(૩) શ્રી મહાવીર સ્વામી (ઇ. સ. પૂ. ૪૬૮) અને તેમના ધર્મનો ઇતિહાસ.

જૈનસંપ્રદાયપ્રમાણે ઇ. સ. પૂ૦ ૫૨૮ માં મહાવીર નિર્વાણ પામ્યા હતા પરંતુ હેમચંદ્ર આચાર્યનાં વાક્યોઉપર અનુમાન કરનાર પ્રો. જેકોબીના અભિપ્રાયપ્રમાણે વિક્રમ સંવત્સરના ઉદય પહેલાં ૨૫૫ વર્ષઉપર ચંદ્રગુપ્ત મૌર્ય રાજ્યારૂઢ થયા હતા. એટલે કે ઇ. સ. પૂ. ૩૧૩ માં ચંદ્રગુપ્તનો રાજ્યારંભ આવે. આ રાજ્યાભિષેક-પહેલાં ૧૫૫ વર્ષઉપર મહાવીર સ્વામીનું નિર્વાણ થયું હતું. એટલે કે ઇ. સ. પૂ૦ ૪૬૮ માં મહાવીર સ્વામીએ દેહ છોડયો હતો. ગૌતમ બુદ્ધ અને મહાવીર સમકાલીન હતા તે વાત આ સમયસાથે બંધ બેસતી આવે છે.

ઇ. સ. પૂ. ૫૦૦ વર્ષઉપર વિદેહ રાજ્ય ઘણું સમૃદ્ધિવાળું હતું. તેની રાજધાની વૈશાલી હતી. આ નગર પાટલી પુત્ર (પટના) થી ઉત્તરમાં આવ્યું હતું. આ રાજ્ય ઘણે ભાગે પ્રજાસત્તાક હતું, અને લીચ્છવી જાતિના ક્ષત્રિય વંશના કુટુંબોના તાબામાં હતું. વૈશાલીના કુંડગ્રામ નામના પરામાં (બસુકુંડ નામનું હાલનું ગામ) સિદ્ધાર્થ નામના જ્ઞાતૃક જાતિના એક ક્ષત્રિય પુરુષ હતા. લીચ્છવી જાતિના આગેવાન ચેટકના બહેન ત્રિશલાને સિદ્ધાર્થ પરણ્યા હતા. તે લગ્ન સંબંધથી બે પુત્ર અને એક પુત્રી થયાં. નાના પુત્રનું નામ વર્ધમાન પાડયું હતું જે પાછળથી મહાવીર થયા. સિદ્ધાર્થનાં ત્રિશલા-સાથેના લગ્નસંબંધી મગધ રાજ્યસાથે ગાઢ સમાઇસંબંધ . થયો

હતો. લીચ્છવી જાતિના આગેવાન ચેટકના બહેન જ્યારે સિદ્ધાર્થને પરણ્યાં હતાં, ત્યારે ચેટકનાં દીકરી ચેલ્લના મગધના બિંબસાર રાજાને પરણ્યાં હતાં. બિંબિસાર અને ચેલ્લનાના દીકરા અજાતશત્રુ, અને સિદ્ધાર્થ અને ત્રિશલાના દીકરા વર્ધમાન (મહાવીર). પરંતુ આ બે સંબંધથી વિલક્ષણ પરિણામો થયાં. બુદ્ધના નિર્વાણપહેલાં આઠ વર્ષઉપર અજાતશત્રુએ પોતાના પિતા બિંબિસારનો વધ કરી ભૌતિક રાજ્ય મેળવી રાજધર્મને અને લીચ્છવી જાતિના માતૃવંશને કલંકિત કર્યો ત્યારે વર્ધમાને સર્વ વૈભવ ત્યજી અહિંસાધર્મનું શાસન પ્રવર્તાવી લોકધર્મ અને માતૃવંશને ઉજ્વલ કર્યો.

જેવી રીતે બૌદ્ધો ગૌતમબુદ્ધના ઐતિહાસિક જન્મઉપર કલ્પનામય ધાર્મિક વાતાવરણ ઉભું કરે છે; જેવી રીતે કૃષ્ણજન્મસંબંધમાં બ્રાહ્મણો અલૌકિક વાતાવરણ ઉભું કરે છે, તેવી રીતે જૈનો પણ જણાવે છે કે પુણ્યોત્તર સ્વર્ગમાંથી મહાવીર પોતાના પૂર્વજન્મમાંથી બ્રાહ્મણ ઋષભદત્તની સ્ત્રી દેવાનંદામાં ગર્ભભાવે ઉતર્યા, અને તે બ્રાહ્મણ અને બ્રાહ્મણી પણ કુંદગ્રામમાં રહેતાં હતાં; પરંતુ પ્રાચીન કલ્પોમાં તીર્થંકરો બ્રાહ્મણના વંશમાં અવતર્યા નથી. તેથી ઇન્દ્રે અથવા શક્રે દેવાનંદાનો ગર્ભ ક્ષત્રિયાણી ત્રિશલામાં સ્થાપ્યો, અને તે વર્ધમાન થયા. શ્વેતાંબરો આ વાર્તાને પ્રમાણભૂત માને છે. દિગંબરો માનતા નથી. સામાન્ય બુદ્ધિપ્રમાણે દિગંબર મતપ્રમાણે વર્ધમાન ક્ષત્રિયપુત્ર હતા તે સ્વીકારી શકાય છે.

ગૌતમ બુદ્ધની પેઠે વર્ધમાનનું જ્યોતિષ્ જોનારાએ તેમની યશસ્વી ધર્મભરી કીર્તિ ગાઇ હતી. વર્ધમાનને સર્વપ્રકારની લૌકિક અલૌકિક કેળવણી આપવામાં આવી હતી, તેમનું લગ્ન યશોદાસાથે થયું હતું. તેમની પુત્રી તે જમાલી (જાબાલી?) વેરે પરણાવી હતી. આ જમાઇ ભવિષ્યમાં મહાવીરના ધર્મના વિરોધી થયા હતા. વર્ધમાન સંસારમાં રહ્યા છતાં વૈરાગ્યની વાસનાવાળા હતા. તેમનાં માતાપિતાના મરણપછી પોતાના મોટાભાઇ નંદિવર્ધનની આજ્ઞા લઇ ઉંમરના ત્રીસમા વર્ષમાં ત્યાગી થયા. આચારાંગ સૂત્રની એક ગાથાઉપરથી સમજાય છે કે વર્ધમાને ભારે કષ્ટમય તપ કર્યું હતું. તેર મહિનાસુધી તો તેમના અંગઉપર જીવોએ વાસ કરી દીધો હતો, પછી વસ્ત્રનો પણ ત્યાગ કરી નગ્ન દશામાં તે ફરતા હતા. ધ્યાનવડે, અખંડ બ્રહ્મચર્યવડે, અને યમ નિયમાદિ આચારોવડે તેમણે સર્વ

ઇંદ્રિયોનો જય કર્યો, અને કોઈ પણ જીવતા પ્રાણીને મન વાણી અને શરીરથી લગાર પણ અનર્થ થવા દીધો નહિ. આ પ્રકારના કષ્ટવ્રતના પાલનમાં જંગલી મનુષ્યોએ તેમને દુઃખ દીધું હતું; પરંતુ તે સર્વ શાન્ત-ભાવથી સહન કર્યું હતું. ફરતા ફરતા તેઓ મગધ રાજ્યધાની રાજ-ગૃહઆગળ આવ્યા હતા, અને ત્યાં તેમનું સારૂં સન્માન થયું હતું.

રાજગૃહના નાલંદા નામના પરામાં વસનાર ગોશાલ નામના સાધુનો સંબંધ થયો. આ સાધુ વર્ધમાનસાથે છ વર્ષ સ્નેહ બાંધી રહ્યો અને સમાન તપશ્ચરણ કર્યું. પરંતુ એક નજીવી બાબતઉપરથી ગોશાલ છૂટો પડયો, અને તેણે એક નવો સંપ્રદાય ઉભો કર્યો, અને પોતાને તીર્થંકર કહેવડાવવા લાગ્યો. આ સંપ્રદાયનું નામ આજીવક હતું, એમ બૌદ્ધ ગ્રંથોથી સમજાય છે. તે સંપ્રદાયનું સાહિત્ય કંઇ રહ્યું હોય એમ જણાતું નથી. શ્રાવસ્તીની હાલાહલા નામની કુંભા-રણને ત્યાં ગોશાલે પોતાના સંપ્રદાયનું મથક કર્યું હતું.

વર્ધમાને આ ગોશાલનાં ક્ષુદ્ર વિરોધની અવગણના કરી અને બાર વર્ષ વધારે તપશ્ચર્યા અને ધ્યાનમાં ગાળ્યાં. ત્યારપછી જેવી રીતે ગૌતમ બુદ્ધને બુદ્ધત્વ અશ્વત્થનીચે ધ્યાનયોગના પરિણામમાં મળ્યું તેમ વર્ધમાનને કૈવલ્યપદ શાલવૃક્ષનીચે પ્રાપ્ત થયું. જેમ શાક્ય-પુત્ર ગૌતમને બુદ્ધ સંજ્ઞા મળી તેમ વર્ધમાનને જિન અથવા મહાવીર સંજ્ઞા મળી. તેમનું જ્ઞાન કેવલિ એટલે સર્વ વસ્તુને અનુભવનારૂં થયું. આ કૈવલ્યપદ અથવા મહાવીરત્વ તેમને બેંતાલીસમા વર્ષમાં પ્રાપ્ત થયું; અને ત્યાર પછી તેઓએ નિર્ગ્રન્થ સંજ્ઞાવાળા એટલે બંધનવિનાના ભિક્ષુકોના સંપ્રદાયનું સ્થાપન કર્યું. નિર્ગ્રન્થ સંજ્ઞા પાછળથી જૈન-સંજ્ઞામાં પલટાઇ ગઇ છે. બંનેનો અર્થ તાત્પર્યમાં એક છે. ગ્રન્થ વિનાના—બંધન વિનાના તે નિર્ગ્રન્થી; સર્વોશ ઈંદ્રિયોનો જય કરનાર તે જૈન. બૌદ્ધ ગ્રન્થોમાં "નિગ્ગંથનાથ પુત્ર" (નિર્ગ્રન્થો જ્ઞાતૃપુત્ર-જ્ઞાતૃજાતિના નિર્ગ્રન્થ સાધુ) સંજ્ઞાવડે જે ઉલ્લેખ આવે છે તે મહાવીરને લગતો છે, એમ પ્રો. જેકોબીનું માનવું છે.

કેવલ જ્ઞાન પ્રાપ્ત કર્યા પછીના ત્રીસ વર્ષ મહાવીરે શીરમે ગાળ્યાં. તેનું ઐતિહાસિક જ્ઞાન ઘણું થોડું મળી આવ્યું છે. તેઓએ બિહારના ઉત્તર તથા દક્ષિણ વિભાગમાં પ્રવાસ કર્યો હતો. તેઓ મગધ અને અંગોરાની રાજધાનીમાં જતા આવતા હતા. મગધની રાજધાની રાજગૃહ, અંગની રાજધાની ચંપા, વિદેહની રાજધાની

મિથિલા તથા શ્રાવસ્તી, અને પોતાની નગરી વૈશાલી—એ સર્વમાં તેઓ થોડા થોડા સમય રહેતા હતા.

મગધરાજ્યના તે સમયના રાજા બિંબિસાર અને તેનો પુત્ર અજાતશત્રુ અથવા કૂનીક અને તેમના સંબંધી રાજવંશીઓ સાથે શ્રી મહાવીરને મળવાનો પ્રસંગ થયો હતો. એ રાજવંશીઓ તેમનો સારો સત્કાર કરતા હતા. પરંતુ બુદ્ધનો અને તેના અનુયાયીઓનો પણ આ રજવાડાસાથે સંબંધ હતો,—જૈનોએ પોતાના સૂત્રગ્રંથો તથા ઇતર ગ્રંથોમાં બૌદ્ધ સંબંધમાં કંઇ પણ ઉલ્લેખ નથી કર્યો. પરંતુ બૌદ્ધોના પાલી ગ્રંથોમાં મહાવીરના અનુયાયીઓ અને બુદ્ધ વચ્ચે વાદવિવાદ થવાના પ્રસંગો છે. અજાતશત્રુના મનનું સમાધાન મહાવીરના કરતાં બૌદ્ધે સારૂં કર્યું હતું એમ પાલી ગ્રન્થો જણાવે છે. પરંતુ વિશેષ વિચાર અને શોધઉપરથી સમજાય છે કે અજાતશત્રુ બૌદ્ધધર્મકરતાં જૈનધર્મતરફ વધારે વલણવાળો રાજા હતો.

મહાવીરનો રાજગૃહનો ઉપાલિ નામનો ગૃહસ્થ અનુયાયી થયો હતો. તેણે બુદ્ધિ સાથે બૌદ્ધસિદ્ધાન્તો ભ્રમવાળા છે એમ જણાવવા પ્રયાસ કર્યો હતો, પરંતુ આખરે ભગવાન્ બુદ્ધે તેના મનનું પરિવર્તન કર્યું હતું, અને ત્યારપછી તે જૈન મતમા માત્ર ઉદાસીન નહિ, પરંતુ વિરોધી થયો હતો.

શ્રી ગૌતમ બુદ્ધ અને શ્રી મહાવીરના સિદ્ધાન્તો પાયામાં ભેદવાળા છે તેથી દયાધર્મમાં તેઓ સમાન છતાં તેમના અનુયાયીના આચારવિચારમાં ઘણો ભેદ છે. જૈન સિદ્ધાન્ત હિંદુઓની પ્રાચીન આત્મભાવનાનો સ્વીકાર કરે છે. સર્વ જગત્ ચૈતન્યમયી—જીવતત્ત્વથી ભરપૂર છે એવું શ્રી મહાવીરનું મંતવ્ય છે. જ્યારે બૌદ્ધો ક્ષણિકવાદી અને અનાત્મવાદી છે.

બીજું ગૌતમ બુદ્ધે દેહદમન જો કે પૂર્વાવસ્થામાં સાધ્યું હતું પરંતુ "બોધિ" પ્રાપ્ત થયા પછીનો તેમનો છેવટનો સિદ્ધાન્ત મધ્યમ માર્ગનો હતો એટલે દેહનું પ્રાણાન્ત દમન પણ કામનું નથી, તેમ વિષયોમાં આળોટવું પણ કામનું નથી, એવા ભાવનો ઘડાયો હતો. શ્રી મહાવીરે દેહદમનને ઘણું જ પ્રાધાન્ય આપ્યું છે; અને તેમના અનુયાયીઓ કષ્ટવ્રતવડે-ભારે તપવડે-દેહાન્ત થાય તો તેમાં ધર્મનો મહિમા માને છે.

ત્રીજું જીવતાં પ્રાણીઓપ્રતિ દયા દર્શાવવાનો આદેશ શ્રીગૌતમ બુદ્ધનો છે, પરંતુ શ્રીમહાવીરે તે દયાધર્મઉપર ઘણો જ ભાર મૂકયો છે, અને તેથી મનુષ્ય પ્રાણીઓપ્રતિ જેટલી અનુકંપા દર્શાવાય તેટલી

અને પ્રસંગે તેથી પણ અધિક સ્થાવરાદિ યોનિના જીવોપર્યન્ત દર્શાવતી એવો આગ્રહ જણાવ્યો છે.

પાયામાં ઉપર જણાવેલા ભેદવાળાં જૈન અને બુદ્ધદર્શનોને લીધે જો કે થોડો ઘણો વિગ્રહ જૈનો અને બૌદ્ધોમાં મહાવીર અને ગૌતમના સમકાલમાં થયો હશે, તોપણ બન્નેની વિચારદિશા જુદા પ્રકારની હોવાથી આરૂઢ દ્વેષના પ્રસંગો પાછળથી બંધ થયા છે. પરંતુ એક જ દર્શનમાં જૂજ બાબતોમાં જે મતભેદ બંધાય છે તેથી ધર્મવિગ્રહ જેવો ભારે થાય છે તેવો ભિન્ન દર્શનોવાળાવચ્ચે થતો નથી. આ નિયમ પ્રમાણે શ્રીમહાવીરનો વિરોધી બૌદ્ધ સંપ્રદાય હતો તેના કરતાં જૈન-સિદ્ધાન્તના એક દેશી ગોશાલનો સંપ્રદાય વધારે વિરોધી હતો. ગોશાલના અનુયાયીઓ શ્રાવસ્તીમાં ઘણા હતા એમ જૈનગ્રન્થો જણાવે છે. તેના સંબંધમાં જૈન ગ્રંથો ઘણા દોષોના આક્ષેપ કરે છે. શ્રીમહાવીર પોતે ઘણે ભાગે ઉદાસીન આ બાબતમાં રહેતા હતા, તોપણ તેમના અને ગોશાલના અનુયાયીઓમાં ભારે વિગ્રહ ચાલતો હતો. કેવલ જ્ઞાન પ્રાપ્ત થયા પછીના શ્રીમહાવીરના જીવનના સોળમા વર્ષમાં શ્રાવસ્તીમાં મહાવીરસમક્ષ ગોશાલનો ભારે પરાજય થયો હતો, અને ત્યાર પછી એક અઠવાડીઆમાં ગોશાલનો દેહ પડ્યો હતો. આ પ્રસંગ પિતાનું ખુન કરનાર અજાતશત્રુના રાજ્યારોહણપછી થોડા સમયમાં બન્યો હતો. ગોશાલના મરણપછી શ્રીમહાવીર લગભગ સોળ વર્ષ પોતાના ધર્મનું પ્રસારણ કરી શક્યા હતા, અને તેમના જમાઈ જમાલી અને એક સાધુ "તિસ્સગુપ્ત" ના કેટલાક સાંપ્રદાયિક વિચારભેદો લગભગ તેમના જીવનકાળે શમી ગયા હતા. પિતાનું ખુન કરનાર અજાતશત્રુ રાજાના પ્રતિ પણ અનુકંપા અને દયા દર્શાવનાર શ્રીમહાવીર રાજગૃહપાસે પાવા ગામમાં બોત્તેર વર્ષે કૈવલ્યને પામ્યા. ઇ. સ. પૂ. ૪૬૮ માં આ પ્રસંગ બન્યો હતો.

શ્રીમહાવીરના અગીયાર ગણધરોમાં સુધર્મા જૈનસંઘના આગેવાન થયા હતા. શ્રીમહાવીરના કૈવલ્ય પછી લગભગ દ્વિદસો વર્ષપર્યન્ત જૈનસંપ્રદાય કેવી સ્થિતિમાં ચાલ્યો તેની ઐતિહાસિક માહિતી ઘણી થોડી છે. તોપણ સાંપ્રદાયિક વાર્તા ઉપરથી સમજાય છે કે અજાતશત્રુના મરણ પછી ઉદાયીએ જૈનધર્મનો સારો સત્કાર કર્યો હતો. ઉદાયીએ એક રાજાને પદભ્રષ્ટ કરેલો તેનું વેર તેના પુત્રે જૈનસંઘમાં સાધુરૂપે પ્રવેશ કરી ઉદાયીના ખૂનમાં વાળ્યું. અને આ પ્રસંગ

શ્રીમહાવીરના કૈવલ્ય પછી સાઠમા વર્ષમાં બન્યો. ત્યાર પછી નંદ-વંશના રાજાઓ થયા. આ નવનંદના સમયમાં જૈનધર્મની ખાસ અગત્યના થઇ જણાતી નથી, કારણ કે કલિંગના રાજા ખારવેલ જે જૈન હતા, તેમના એક શિલાલેખમાં નંદરાજાને આદિ જિનની મૂર્તિસાથે સંબંધવાળી જણાવી છે. શ્રીમહાવીરના કૈવલ્ય પછી વીસ વર્ષે જૈનસંઘના અગ્રણી સુધર્મા ગુજરી ગયા અને જંબુ નામના સાધુને શિર સંઘની જવાબદારી ઉતરી. તેમણે ચુંમાળીસ વર્ષ વ્યવસ્થા રાખી. ત્યાર પછી ત્રણ સંઘવાહકો થઇ ગયા, અને છેલ્લા નંદરાજાના સમયમાં જૈનસંઘનો કારભાર સંભૂતવિજય અને ભદ્રબાહુ એ બે યતિઓના હાથમાં હતો. જૈનધર્મ સાહિત્યના ચતુર્દશ "પૂર્વ" અથવા વિદ્યાસ્થાનની માહિતી આ બે યતિઓને છેલ્લી હતી. ચંદ્રગુપ્ત-મૌર્ય મગધરાજ્યની ગાદીઉપર આવ્યા તે જ સાલમાં સંભૂતવિજય ગુજરી ગયા. ત્યાર પછી બારવર્ષનો ભારે દુષ્કાળ પડ્યો, અને બંગાળા દેશની તેથી પાયમાલી થઇ. ભદ્રબાહુએ આ સંકટના સમયમાં સંઘના સખત નીતિનિયમોનો ભંગ થતો જોયો. અને તેથી તેઓ પોતાના કેટલાક વિશ્વાસુ અને ધર્મનિષ્ઠ અનુયાયીઓને લઇ તે દેશથી નીકળી દક્ષિણમાં કર્ણાટક દેશમાં આવી વસ્યા. સંભૂતવિજયના શિષ્ય સ્થૂલભદ્રે જૈનસંપ્રદાયનું મગધમાં અને બીજાં સ્થાનોમાં રક્ષણ કર્યું. દુષ્કાળનો સમય વીત્યા પછી કર્ણાટકમાં ગયેલા જૈનો મગધમાં પાછા આવ્યા. ભદ્રબાહુએ જૈનસંઘની જવાબદારી સ્થૂલભદ્રના હાથમાં રહેવા દઇ નેપાલમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા. ઇ. સ. પૂ. ૩૦૦ માં જૈન સંઘના બે તફા પડ્યાઃ—(૧) શ્વેતાંબર (૨) દિગંબર.

કર્ણાટકમાંથી દુષ્કાળના અન્તમાં પાછા આવેલા જૈનો, જેમણે ધર્મના સખત નિયમોનું પાલન કર્યું હતું તેઓને મગધમાં રહેલા સાધુઓનું જીવન ધર્મના નિયમોમાં શિથિલ જણાયું, અને તેઓ મગધવાસી જૈનોને ધર્મભ્રષ્ટ માનવા લાગ્યા. પ્રાચીનધર્મસાહિત્ય "પૂર્વ"-લોપ પામતું જણાયું. પાટલીપુત્ર (પટના) માં મગધ રાજ્યના જૈનોએ પરિષદ્ ભરી અને ધર્મસાહિત્ય ભેગું કરવા પ્રયત્ન કર્યો, પરંતુ (તે) સંપૂર્ણ સાહિત્ય જે ભદ્રબાહુને કંઠસ્થ હતું તે તેઓ નેપાલમાં જઇ વસ્યા હતા માટે તેમની પાસેથી મળી શકે તેમ હતું. સ્થૂલભદ્ર ગુરુપાસે ગયા, અને આદ પૂર્વાંગનો તેમણે અભ્યાસ કર્યો. પરંતુ તેમણે માત્ર તેનાં પ્રથમનાં દશ અંગ કરતાં વધારે અંગો બીજાને ન

શિખવવાનો શિષ્યને આદેશ કર્યો. તેથી જે ધર્મસાહિત્યનો સંગ્રહ થયો તે પૂર્ણ ન હતું. પરંતુ ખંડ સંહિતારૂપે રહ્યું; અને તેમાં કેટલુંક નવું પણ સાહિત્ય પેસવા પામ્યું. પરિષદમાં સંગ્રહ પામેલું આ સાહિત્ય "શ્વેતાંબર"નું ધર્મ સાહિત્ય ગણાય છે. કર્ણાટકમાંથી પાછા આવનારા જે દિગંબરોના પૂર્વજો ગણાય તેમણે આ પરિષદમાં ભાગ લીધો ન હતો અને તેઓ પ્રાચીન સાહિત્ય લોપ પામ્યું છે એમ ગણે છે. તેઓ એવું માને છે કે શ્વેતાંબરોનું ધર્મ-સાહિત્ય જે સિદ્ધાન્ત તરીકે રજુ થાય છે તે પાછળનું નવું સાહિત્ય છે. અને વલ્લભીના જિનાચાર્યે સંગ્રહ કરેલું છે.

આ જૈનધર્મના અન્તઃક્ષોભને લીધે તે ધર્મના બાહ્યપ્રચારણમાં જો કે વિઘ્ન આવ્યું તોપણ બ્રાહ્મણધર્મ અને બૌદ્ધધર્મના રાજ્યાશ્રયને લીધે થતા પ્રબલ વેગસામે તે ધર્મ શાન્ત અને ગુપ્ત રીતે આત્મરક્ષણ કરતો રહ્યો. મગધ અને બંગાળામાં તેમ કર્ણાટકમાં તે ધર્મનો પ્રસાર થયેલો તે ઉપરાંત ઘણા જૂના સમયથી પશ્ચિમ હિંદુસ્થાનમાં અને મધ્યત્વે કરી ગુજરાતમાં તે ધર્મનાં પુણ્યબીજ રોપાયાં હતાં; અને તે દેશમાં તે ધર્મવૃક્ષ સારું ઉગી નીકળ્યું. જૈનસાહિત્યમાં બિંદુ-સારના દીકરા ચંદ્રગુપ્તનો તથા મહારાજા અશોકનો ઉલ્લેખ નાહજેવો આવે છે, તથા ચાણક્યના અર્થશાસ્ત્ર અને નીતિશાસ્ત્રમાં સમાજનું બંધારણ બ્રાહ્મણધર્મને અનુસરતું ચિતર્યું છે, તેથી સહજ અનુમાન થાય છે કે ઇ. સ. પૂ. ત્રીજા સૈકામાં બૌદ્ધધર્મ અથવા બ્રાહ્મણધર્મ પ્રબલ વેગવાળો પૂર્વ હિન્દુસ્થાનમાં જેવો હતો તેવા વેગવાળો જૈન-ધર્મ ત્યાં ન હતો. પરંતુ કલિંગ દેશમાં ખારવેલ રાજાના આશ્રયનીચે તે ધર્મની એક શાખા જીવંત હતી. અને પશ્ચિમમાં ઘણું કરીને ઉજ્જૈનમાં રાજ્ય કરતા અશોક મહારાજાના પૌત્ર સંપ્રતિના આશ્રય-નીચે (તે) ગુજરાત વગેરે દેશમાં તેની બીજી શાખા પ્રસરી હતી. જેવી રીતે બૌદ્ધોના આશ્રયદાતા અશોક મહારાજા હતા, તેમ જૈનોના આશ્રયદાતા તે મહારાજાના પાત્ર સંપ્રતરાજા હતા.

જો કે ઇ. સ. પૂ. ૩૦૦માં જૈન ધર્મના બે વિભાગ થયા હતા. તોપણ સંપ્રદાયભેદ ઘણું કરીને ઇ. સ. પછી ૭૯ અથવા ૮૨ની સાલ પહેલાં થયો ન હતો. મથુરાંના ઘણા લેખોઉપરથી સમજાય છે કે શ્વેતાંબરોનો સંઘ ઇ. સ ૭૮માં સ્થપાઇ ચૂકયો હતો, એટલું જ નહિ પણ ઘણા પેટા વિભાગો અથવા ગચ્છો થયા હતા. આર્યો

અથવા સાધ્વીનો ઉલ્લેખ તેમાં આવે છે, અને આ સ્ત્રીઓની સંસ્થા શ્વેતાંબરોમાં છે; દિગંબરોમાં નથી. ઇ, સ. પૂ. ૩૦૦માં મથુરાં કૃષ્ણ-ભક્તિનું નિવાસ સ્થાન હતું, પરંતુ ત્રણ સૈકામાં તે દેશ જેમાં શૂર-સેનોનું રાજ્ય હતું ત્યાં શ્રી મહાવીરની તપની ભાવનાએ મનુષ્યોના હૃદયનું આકર્ષણ કર્યું હતું. જેવી રીતે બ્રાહ્મણોના વિષ્ણુના સંપ્રદા-યના મૂળ સ્થાનમાં એટલે મથુરામાં જૈનોએ પોતાના ધર્મનું રક્ષણ કર્યું હતું; તેવી રીતે બ્રાહ્મણોના પાશુપાત અથવા શૈવ સંપ્રદાયના નિવાસ ભૂત ઉજ્જયિનીમાં પણ તેમણે સ્વધર્મનું રક્ષણ કર્યું હતું, કાલિકાચાર્યના કથાનક ઉપરથી એટલું તો સમજાય છે કે તે વાતમાં કંઇક ઐતિહાસિક સત્ય છે. જૈન સાધુ કાલિકાચાર્યનું માળવાના રાજા ગર્ધભિષે (ગધર્વસેને) અપમાન કર્યું તેથી તે સાધુ " શાહાનુશાહી" (રાજાના રાજા) શકદ્વીપના રાજ્ય તરફ ગયા. આ શાહાનુ-શાહી પદ સિક્કાઓ ઉપરથી કુશાન વંશના રાજાને લાગુ પડતું છે. અને તે રાજાઓની પંજાબ સિંધ વગેરે મુલકઉપર સત્તા ઇ. સ. પૂર્વના પહેલા સૈકામાં હતી. આ શક જાતિના લોકોને બોલાવી લાવી ઉજ્જે-નમાં ગર્ધભિલ્લના રાજ્યને કાલિકાચાર્યે ઉથલાવી નાંખ્યું એવું કથા-નક છે. પરતુ તેના પુત્ર વિક્રમાદીત્યે શકોને હરાવી હાંકી કાઢયા, અને પોતાના રાજ્યની પુનઃ પ્રતિષ્ટા કરી, જૈનોનો ઉજ્જયિનમાં સંબંધ હતો, તે કાલિકાચાર્યના કથાનકથી તથા તેઓ વિક્રમ સંવત પ્રમાણે ગણત્રી કરે છે તેથી સાબીત થાય છે.

ઇ. સ. ના પહેલા સૈકાથી પાંચમા સૈકાસુધીમાં જૈન ધર્મના અને તેમના સંઘની પ્રવૃત્તિની ઐતિહાસિક માહિતી ઘણી થોડી છે. પરંતુ પાંચમા છઠ્ઠા સૈકામાં વલ્લભીમાં જૈનસંઘની પરિષદમાં તેમના સિદ્ધાંતો સુગ્રથિત થયા.

જૈનધર્મના અનુયાયીઓની સંખ્યા ઓછી છતાં તથા તેઓ પોતાના ધર્મનું પ્રસારણ બળાત્કારથી અથવા વાદવિવાદથી કરતા નથી; છતાં તે ધર્મ અવિચ્છિન્ન શાંત જીવન ગાળતો હિંદુસ્તાનમાં રહ્યો છે અને બુદ્ધ ધર્મ પોતાની જન્મભૂમિમાંથી લોપ પામ્યો તેનાં કાર-ણોમાં મુખ્ય કારણ જૈનોની શાન્ત સંઘની વ્યવસ્થા છે; અને તે સાથે પોતાના પુરાણા સિદ્ધાન્તો આચારો અને વિચારોને તેઓ આગ્રહપૂર્વક વળગી રહે છે. આજથી બે હજાર વર્ષોઉપર જે પ્રકારે જૈનધર્મનું પાલન થતું હતું, તેવું જ લગભગ તેમના યતિઓ

ચાલે છે. અને જો કે શ્રાવકોમાં ધર્મશૈથિલ્ય આ જમાનામાં છે તો પણ ધર્મરક્ષણ કરવામાં તેમના યતિઓ અને આર્યાઓ બળવાન્ છે.

(૪) જૈનધર્મના બે સંપ્રદાય: શ્વેતાંબર તથા દિગંબર.

ઉપર જૈનધર્મના બે સંપ્રદાય કેવા સંજોગોમાં શી રીતે થયા તે જણાવવામાં આવ્યું છે. જૈનસિદ્ધાન્તમાં આ બંને સંપ્રદાયો એક છતાં ચાર મુદ્દામાં વિચારભેદ જણાવે છે: (૧) દિગંબરોના અભિપ્રાયપ્રમાણે તીર્થંકરો અથવા કેવલી આહારવિના જીવી શકે છે; શ્વેતાંબરો આહારનો સંભવ સ્વીકારે છે. (૨) શ્વેતાંબરો માને છે કે દેવનંદાના ગર્ભસ્થાનમાંથી મહાવીરનો ગર્ભ ત્રિશલામાં સ્થાપવામાં આવ્યો હતો, આ મંતવ્યને દિગંબરો માનતા નથી. (૩) વસ્ત્ર તથા પરિગ્રહ કરનાર સાધુ કૈવલ્યને પામતો નથી એમ દિગંબરો માને છે. (૪) અને સ્ત્રીઓને મોક્ષનો અધિકાર નથી એમ દિગંબરો માને છે. બીજા મુદ્દા સિવાયના ત્રણ મુદ્દાઓમાં શ્વેતાંબરોના નિશ્ચયો સામાન્ય બુદ્ધિસાથે બંધ બેસતા છે અને પરધર્મીઓ પણ સ્વીકારી શકે તેવા છે.

શ્વેતાંબરોના કહેવા પ્રમાણે દિગંબરોનો સંપ્રદાય શિવભૂતિથી (ઇ. સ. ૮૩) આરંભ પામ્યો, અને તે શ્વેતાંબરોના પ્રાચીન ધર્મમાં પ્રથમ સાત વાર વિગ્રહ થયેલો તે પૈકી છેલ્લા વિગ્રહનો પરિણામ છે. દિગંબરો કહે છે કે પ્રાચીન ધર્મસાહિત્ય સર્વ લોપ પામ્યું છે, તો પણ આચાર દિગંબરોએ શ્રી મહાવીરના સિદ્ધાન્તપ્રમાણે જાળવી જાણ્યો છે; વળી શ્રી મહાવીરથી આઠમા ગણધર ભદ્રબાહુના સમયમાં અર્ધફાલકની શાખા થઈ. તેમાંથી ધર્મશૈથિલ્યને લક્ષમાં લઈ શ્વેતાંબર મત ઇ. સ. ૮૦ માં સ્થપાયો. શ્વેતાંબરોના મૂલ ધર્મસાહિત્યને બાદ કરીએ તો દિગંબરોનું કેટલુંક સંસ્કૃત ભાષાનું સાહિત્ય ઘણું પુરાણું છે. શ્વેતાંબરોમાં પાછળથી લગભગ ૮૪ પેટાપંથ પડ્યા છે, અને તેને ગચ્છ નામ આપવામાં આવે છે. બંને સંપ્રદાયવાળાઓએ પોતાની ગુરુપરંપરા જાળવી રાખી છે. આ ગુરુપરંપરાના લેખને સ્થવિરાવલિ, પટ્ટાવલિ અથવા ગુર્વાવલિ એવું નામ આપવામાં આવે છે.

(૫) જૈનદર્શનનું પ્રમાણસાહિત્ય.

જૈનદર્શનના પ્રમાણગ્રંથોને ચૌદ પૂર્વ અને અગીઆર અંગ કહે છે. ચૌદ પૂર્વ ઘણું કરીને ભદ્રબાહુથી અવિચ્છિન્ન ચાલ્યાં હતાં. પછીથી તેનો લોપ થયો જણાય છે. અગીઆર અંગો જે હાલ ઉપ-

લબ્ધ છે, તે જૈનસાહિત્યનો જૂનામાં જૂનો ભાગ છે. આ અગીઆર અંગોનાં નામ નીચે પ્રમાણે છેઃ—

(૧) આચાર (૨) સૂત્રકૃત (૩) સ્થાન (૪) સમવાય (૫) ભગવતી (૬) જ્ઞાતધર્મકથા (૭) ઉપાસકદશા (૮) અંતકૃત દશા (૯) અનુત્તર ઔપપત્તિક દશા (૧૦) પ્રશ્ન વ્યાકરણ (૧૧) વિપાક.

આ પ્રધાન અંગો ઉપરાંત બાર ઉપાંગો છેઃ—(૧) ઔપપત્તિક (૨) રાજપ્રશ્નીય (૩) જીવાભિગમ (૪) પ્રજ્ઞાપના (૫) જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ (૬) ચંદ્રપ્રજ્ઞપ્તિ (૭) સૂર્યપ્રજ્ઞપ્તિ (૮) નિરયાવલિ (૯) કલ્પાવતંસિકા (૧૦) પુષ્પિકા (૧૧) પુષ્પચૂલિકા (૧૨) વૃષ્ણિદશા.

આ અંગ અને ઉપાંગઉપરાંત દશ પ્રકીર્ણ[1], ૭ છેદસૂત્ર[2] નાન્દી, અનુયોગદ્વાર અને ચાર મૂલ સૂત્રો[3] છે.

આ અગીઆર અંગો, બાર ઉપાંગો, પ્રકીર્ણ, છેદસૂત્રો વિગેરે ધર્મસાહિત્ય હાલ જે રૂપમાં ઉપલબ્ધ છે તે મૂલ નથી, એવું દિગંબરો કહે છે. અને તે મૂલ નામનું શ્વેતાંબરોએ ઉભું કરેલું છે. આ સાહિત્યની મૂલ ભાષા અર્ધ માગધી હતી. હાલ આપણે તેને જૈનપ્રાકૃત સંજ્ઞા આપીએ અને ત્યાર પછીના ગ્રંથો જૈનમહારાષ્ટ્રીમાં છે.

આ મૂલ ધર્મસાહિત્યઉપર ટીકાઓની પરંપરા ચાલી છે. ઇતિહાસના ક્રમમાં જૈનદર્શનનું નવું સાહિત્ય નીચે પ્રમાણે ગોઠવી શકાય છેઃ—

(૧) ઉમાસ્વાતિનું "તત્ત્વાર્થાધિગમ સૂત્ર" (સને ૧ થી ૮૫ સુધીમાં)

(૨) સિદ્ધસેન દિવાકરનો "ન્યાયાવતાર" (ઇ. સ. ૫૩૩)

(૩) હરિભદ્રનું ષડ્દર્શનસમુચ્ચય–જેમાં જૈનમતનુ સવિસ્તર વર્ણન છે (ઇ. સ. ના પાંચમા સૈકામાં)

---

[1] (૧) ચતુઃશરણ, (૨)સંસ્તાર (૩)આતુરપ્રત્યાખ્યાન, (૪)ભક્તાપરિજ્ઞા, (૫)તંદુલવૈયાલિ, (૬)ચંદાવીજ, (૭)દેવેન્દ્રસ્તવ, (૮)ગણિવીજ (૯)મહાપ્રત્યાખ્યાન (૧૦)વીરસ્તવ–એ દશ પ્રકીર્ણ છે

[2] (૧)નિશીથ, (૨)મહાનિશીથ, (૩) વ્યવહાર, (૪)દશશ્રુતસ્કંધ, (૫) બૃહત્કલ્પ (૬)પંચકલ્પ–એ છ છેદસૂત્રો છે.

[3] (૧) ઉત્તરાધ્યયન, (૨)આવશ્યક, (૩) દશવૈકાલિક, (૪) પિંડનિર્યુક્તિ–એ ચાર મૂલ સૂત્રો છે.

(૪) નેમિચંદ્રનો "દ્રવ્યસંગ્રહ" (ઈ. સ. ૧૧૫૦)

(૫) વિશેષાવશ્યક ભાષ્ય.

(૬) તર્કવાર્તિક શાંત્યાચાર્યની ટીકાવાળું.

(૭) અનંત વીર્યની પરીક્ષાસૂત્રલઘુવૃત્તિ (ઇ. સ. ૧૦૩૯)

(૮) હેમચંદ્રનું યોગશાસ્ત્ર (ઇ. સ. ૧૦૮૮—૧૧૭૨)

(૯) દેવસૂરીનો પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર (ઇ.સ.૧૦૮૬–૧૧૬૯)

(૧૦) મલ્લિસેનની સ્યાદ્વાદમંજરી (ઇ. સ. ૧૨૯૨)

(૧૧) ગુણરત્નની તર્કરહસ્યદીપિકા (ષડ્દર્શનસમુચ્ચય ઉપર) (ઇ. સ. ચૌદમા સૈકામાં) કાવ્ય, અલંકાર, ન્યાય, કથાનક ઇત્યાદિ વિષયોમાં જૈનસાહિત્ય ઘણું મોટું છે, પરંતુ જૈનતત્ત્વજ્ઞાનસાથે તેનો સંબંધ નહિ હોવાથી તે સંબંધી વિચાર કરવો ઉપયોગી નથી.

જૈન દર્શનનાં ત્રણ રત્નોઃ જ્ઞાન–શ્રદ્ધા–ચારિત્ર્ય.

જેવી રીતે બ્રાહ્મણોમાં કર્મ, ઉપાસના અને જ્ઞાન, એ વૈદિક ધર્મનાં ક્રમશઃ નિશ્રેયસનાં સાધનો છે, જેવી રીતે બૌદ્ધોનાં શીલ, સમાધિ અને પ્રજ્ઞા એ ત્રણ નિર્વાણનાં સાધનો છે, તેવી રીતે જૈનોનાં જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર્ય એ મોક્ષનાં સાધનો છે. આ ત્રણ સાધનોને ત્રણ રત્ન એવી સંજ્ઞા આપવામાં આવે છે. જૈનોના જ તત્ત્વ દર્શનનો ઉદ્દ્ભવ તેમના સિદ્ધાન્તપ્રમાણે સર્વજ્ઞ તીર્થંકરોથી થયો છે. પરંતુ ઐતિહાસિક દૃષ્ટિથી વૈદિક ધર્મસાથે તેનો સગાઇ સંબંધ ના કહી શકાય તેમ નથી. "આ સમગ્ર જગત્ હિરણ્યગર્ભના પ્રાણથી ભરેલું છે; આ સંસારનામનું બ્રહ્મચક્ર "સર્વાજીવ" એટલે સર્વત્ર જીવત્વથી ભરપૂર છે; આ સંસારી જીવ વાળના અગ્ર ભાગના સોમા ભાગજેવો ઝીણો છે; અને મુક્ત દશામાં અનન્ત થાય છે, તે જીવ પુરુષ સ્ત્રી અથવા નપુંસક જાતિનો નથી. પરંતુ જે જે શરીર ધારણ કરે છે તેવો તેવો થાય છે. તેની ઉત્પત્તિ અથવા જન્મ સંકલ્પવડે, સ્પર્શવડે, દૃષ્ટિના મોહવડે, વૃષ્ટિથી થતા અન્નના પરિપાકથી તેના કર્મને અનુસાર જૂદાં જૂદાં રૂપમાં ભિન્ન સ્થાનોમાં થાય છે; તે સ્થૂલ અને સૂક્ષ્મ રૂપોને પોતાના સત્વાદિ ગુણોવડે કરીને ઢાંકે છે, તેના કેટલાક ગુણો કર્મજન્ય છે અને કેટલાક તેના સ્વભાવના છે"... વગેરે ભાવવાળાં શ્વેતાશ્વતર શાખાની મન્ત્રસંહિતાનાં વાક્યોમાં જી-

વનું સ્વરૂપ, તેની સંસારી અને મુક્ત અવસ્થા, તેનું મધ્યમ પરિમાણ, તેની ઉત્પત્તિનો ક્રમ, તેના કર્મસ્થાનો, તેના ગુણસ્થાનો; કર્મથી થતો લેપ ઇત્યાદિ વિચારો જૈનતત્ત્વજ્ઞાનસાથે ઘણા મળતા છે. બ્રાહ્મણોએ પ્રાણ ધારણ કરનાર જીવઉપરાંત આત્મવસ્તુની શોધ કરી ત્યારે જૈનોએ તે જીવની મુક્ત દશામાં તેનું ઉત્કૃષ્ટ રૂપ જોયું. બ્રાહ્મણોએ જીવત્વ મિથ્યા અથવા કલ્પિત ગણ્યું, અને આત્મત્વ સત્ય અને અકલ્પિત ઠરાવ્યું, ત્યારે જૈનોએ જીવત્વની જાતિમાં મુક્ત અને સંસારી એવા ભેદ માની નિર્વાહ કર્યો. બ્રાહ્મણોએ તત્ત્વજ્ઞાનવડે મિથ્યા જ્ઞાનની નિવૃત્તિ કરી જીવનું સ્વાભાવિક શિવત્વ અનુભવવા ઉપર ભાર મુક્યો અને જીવને વાસ્તવરીતે કર્માદિ બંધ નથી એવી સમજણને પ્રકટ કરવા આગ્રહ ધર્યો, ત્યારે જૈનોએ બંધ મોક્ષ સાચા માની ચારિત્ર્યઉપર તત્ત્વજ્ઞાન જેટલો જ ભાર મુકયો, અને કર્મના લેપને દૂર કરવાની વાસ્તવિક અગત્ય છે તેવી વ્યવહારઉપયોગી સમજણ આપી.

(અપૂર્ણ.)

નર્મદાશંકર દેવશંકર મહેતા.

॥ ॐ श्री ॥

गीतिको.

श्रीसद्गुरुस्तवन.

પદ ૧. (પ્રિયતમ પ્રભુ કરીએ વન્દના, એ લય.)

જય સદ્‌ગુરુ સર્વાધાર જય,
સો આપમય ને આપ સર્વમય; જય૦
આપ અભયના પ્રપન્નાશ્રયથી, ટળી જતો જીવત્વભય; જય૦
અક્ષયરૂપ આપને ઉપાસ્યે, સહજે થાતો મોહક્ષય; જય૦
પરમ પુણ્યરૂપ આપ પુરુષને, ભજ્યે થતો મહાપુણ્યચય; જય૦
નિજમાં લય જે કરે આપને, આપમાં થાતો તેહ લય; જય૦
પ્રકટ આપ અનુગ્રહને ગ્રહીએ, એવો સત્વર દો સમય; જય૦
અપરિમિત ચૈતન્યપ્રદાતા, પાઓ નૃહરિ ! કરુણાનું પય; જય૦

इष्टशरणागत साधकना उद्‌गार.

પદ ૨ (માથે મટુકી લઇ જાઉં, એ લય.)

હે...શરણે પ્રભુને હું જાઉં,
પુણ્યપ્રદ ચરણપદ્મમાંહિ સમાઉં; શરણે.
કરશે રક્ષા એહ મારી, રહું હું નિશ્ચિન્ત એ વિચારી,
મિથ્યા અહંથી મુકાઉં; પુણ્ય૦
હર્ષશોક ન કોઇ વાતે,–માનું ના, હું રહું નીરાંતે.
આપે તે લઇને હરખાઉં; પુણ્ય૦
ગણું ન સ્થિતિ કોઇએ નઠારી, કરે શ્રીમંત કે કરે ભિખારી,
પ્રભુનું અર્પિત લહી હરખાઉં; પુણ્ય૦
બાલ રમતું માતખોળે, અન્યનો આશ્રય ન ખોળે,
આશ્રય તેમ ઈશ્વરનો રહાઉં; પુણ્ય૦

રીઝે ખીજે તોય એક જ, મારે મન તો એક ટેક જ,
અનન્યભાવે ઈશ ધ્યાઉં; પુણ્ય૦
સાધું કોઇ ના અન્ય સાધન, સોપું મારૂં પ્રભુને જીવન,
દુઃખી થતાં ન અકળાઉં; પુણ્ય૦
'હું' ત્યજ્યું પછી મમત્વ શાનું, વિપદે ક્યાંથી દુઃખ માનું,
દોરે તેમ હું તો દોરાઉં, પુણ્ય૦
એક નરહરિને ભજું હું, એ વિનાનું સઉ ત્યજું હું,
પરિણામે કૃતકૃત્ય થાઉં; પુણ્ય૦

પ્ર૦ બહેન.

कोइ शुद्ध मार्ग ग्रहण करवा मनप्रति दृष्टान्तपूर्वक वचनो.

પદ. ૩ (ઇષ્ટનામ વહાલા નિત્ય, એ લય.)

માનવધર્મ પૂર્ણ જોઇને મન! રામમાં જો,
આચરી એવા કર્મે જજે પરમ ધામમાં જો; માનવ૦
કેવો પૂર્ણ ત્યાગ છે બલિના દાનમાં જો,
તેવો ત્યાગ કરી રમજે ભગવાનમાં જો; માનવ૦
દાસભક્તિ વળી ન્યાળી હનુમાનમાં જો,
કર ભક્તિ તેવી રહીને ગુરુધ્યાનમાં જો; માનવ૦
કેવો પ્રેમ હતો ગોપિઓનો શ્યામમાં જો,
બાંધી એવો પ્રેમ પ્રવેશ સુખધામમાં જો; માનવ૦
કેવું પ્રભુસ્મરણ પ્રહ્લાદનું સઉ કાલમાં જો,
તેવું કર તું શાંતિમાં કે દુઃખની જ્વાળમાં જો; માનવ૦
ઇષ્ટેચ્છાનુસાર કૃતિ જો પાંડવચાલમાં જો;
તેવી સેવ ધરી વિશ્વાસ દીનદયાલમાં જો; માનવ૦
આવું કોઇ એક સેવી તુજ આચારમાં જો,
જીવનઅસ્તસુધી નીભાવ આ સંસારમાં જો; માનવ૦

શ્રી જા૦ દેવી.

વીર સાધક બંધુને–

પદ ૪ (કોઈ બનશો કદી ના મનવૃત્તિના દાસ, એ લય.)

કોઇ સાચા ગુરુના જે ચેલા હો વીર,
ઝુઝો રણમાં તો તો મૂકીને નિજ શિર; કોઈ૦
છોને શત્રુનાં પડતાં બાણો હજાર,
માનો તે તો તમે સુકોમલ પુષ્પ હાર,
શાંતિ ધારી ચલાવો, તમારાં જે તીર; કોઇ૦
તાકી તાકી સહુ શત્રુતણા લેજો પ્રાણ,
લક્ષ્ય સાધી ચલાવો અગાડી નિશાન,
વેગે વહેજો જય જય શબ્દ વદતા સુધીર; કોઇ૦
ભેદી યુક્તિ લડાવે કદી મન મહાયોધ,
રોધ કરજો તેનો પામી ગુરુથી પ્રબોધ,
છે ગુરુથી બલી ના કો વિશ્વે લગીર, કોઇ૦
વ્યૂહ ચક્રોના વેધી વિંધી શત્રુ શરીર,
રાજમાર્ગે વધો ધારી વિજય રણધીર.
ચાલો આરૂઢ સિંહાસને મુક્ત મંદિર; કોઇ૦

ચુ. જ. ઓઝા૦

જીવનમાં ચૈતન્ય પ્રકટાવવા પ્રભુપ્રાર્થના.

પદ ૫ (કરું નમન, જગદીશને સ્વિકારજો, એ લય.)

જડ જીવન, પ્રભુ! મારું વિલાવજો, ને દૈવી બનાવજો.
પરમ ચૈતન્ય, જીવનમાં રેલાવજો, ને જ્ઞાને શોભાવજો, મહાસિદ્ધિઓ રળાવજો.
કંઇક સમયથી હું મથુ. કરવા જીવન ઉચ્ચ.
આપ કૃપાવિણ નથી થતું,
કરુણા ફેલાવજો, ખેલાવજો, માગ્યું અપાવજો, ભક્તિ સધાવજો; જડ૦
શ્રદ્ધાપાયો સ્થિર કરી, કરજો જીવન દિવ્ય,
ફરી ન પડે ભવમાં કદી,
એવો ચણાવજો, ટકાવજો, ન દુરિતે ડોલાવજો, સુદૃઢ રખાવજો; જડ૦
પ્રેમ દયા, ઔદાર્ય ને, આપી તત્ત્વવિચાર,
રમણીય આ જીવન કરો,

અવિદ્યા કંપાવજો, ખપાવજો, આત્મબળ જમાવશો, બ્રહ્મપદ બળાવજો;—
પ્રભુમય જીવનમાં રહ્યું, વાસ્તવ અનુપમ સુખ,
તે અર્પી ભવદુઃખ હરો,
અહંમમ વિલાવજો, દીપાવજો, ઊર્ધ્વે ચઢાવજો, સ્વરૂપે શમાવજો;જડ૦

શ્રી જ. દેવીં૦

શ્રી ઇષ્ટવિષે નિગલિત વૃત્તિવાન્ સાધકની ઉક્તિ.

પદ ૬ (આ શાં દેવળ સ્થળ સ્થળ દીસે, એ લય.)

મારી વૃત્તિ હરીફરી શમતી ગુરૂરાજમાં રે,
એ રસપૂર્વક નથી જોડાતી જગનાં કાજમાં રે; મારી૰
કોઇની જ્ઞાતિહિતાચરણમાં, કોઇની દેશતણા ચિન્તનમાં,
કોઇની વૃત્તિ વ્યાપે સહજે સમાજમાં રે; મારી૰
કોઇની કુટુંબ કેળવવામાં,-લૌકિક સિદ્ધિ મેળવવામાં,
કોઇની વૃત્તિ આગ્રહ ધારે સ્વરાજ્યમાં રે; મારી૰
કોઇની દેવી અને શક્તિમાં, કોઇની દેશભક્તનોં ભક્તિમાં,
કોઇની લૌકિક દુઃખ હરવાના ઇલાજમાં રે; મારી૦
કોઇનીં તિતિક્ષા સહનારામાં. કોઇની ચમત્કૃતિ કરનારામાં,
કોઇની વૃત્તિ સહજે વહે પરિવ્રાજમાં રે; મારી૦
જીવોથી જગહિત ન થતું કંઇ, એ વાતો અનુભવથી સિદ્ધ લહી,
મેં વૃત્તિ વાળી સઉના શિરતાજમાં રે; મારી૰

અવિદ્યાથી અળગા રહેવા ચેતવણી.

પદ ૭ (બાપુ ચાંદીનો જોઇ ચળકાટ, એ લય.)

કોઇ શાણા અવિદ્યાની સાથ, પ્રવાસમાં હાલશો ના,
એનો જાણો ભુંડો છે સંગાથ, સંગમાં મ્હાલશો ના.
બહુ ડાહી ડમરી દીસતી, પણ એ ધુતારી છે ખરી,
ચેતી સવેળા જીવનયાત્રામાં કરો એને પરી;
કંઈ વેશ વિધવિધ લાવીને, એ કુમાર્ગોમાં દોરવે,
બતલાવી સિંહાસન રૂડું, અંતે શૂળિમાં પોરવે;
લુટે સંપત્તિ મારીને હાથ, ઘરમાં ઘાલશો ના, એનો૰

વર્તાવવા વશ્ય અવિદ્યાને, રજસ તમસ નિવારજો,
આ મોહનાં ઝીણાં સ્ફુરણને ઉઠતામાં વારજો;
પ્રભુના સ્વરૂપમાં અહંઆળી, પ્રભુભાન જગાવજો,
'હું સર્વતઃ નિર્લેપ' એવો ભાવ ઘડી ઘડી લાવજો;
અવિદ્યાને કદી પાછી ભ્રાત ! ભૂલથી ઝાલશો ના; એનો૦

શ્રી જ૦ દેવી.

શ્રદ્ધામાં સુસ્થિર કરવા જીવની વિજ્ઞપ્તિ.

પદ ૮ (મારી મોહગ્રન્થી વિદારીરે, એ લય.)

મારી શ્રદ્ધાની અંતર્યામિ રે, વૃદ્ધિ કરજો યાચું શિર નામી.
ઇચ્છા થવાને ઊર્ધ્વગામી, પણ ખામી રહે શ્રદ્ધાની,
તેને દો વામી; મારી૦
શ્રદ્ધાના ચિંતનમાં જોડું હું તેમ તેમ વૃત્તિ થતી મારા સ્હામી.
નિત્ય અશ્રદ્ધામાં જામી,
બનતી તે ઉલટી હરામી; મારી૦
માને ન કળથી, કંપાવોને આપનું, સુદર્શન સામું ઉગામી,
યાચું છું ઓ સુખધામિ !
દેજો અશ્રદ્ધાને ડાંમી; મારી૦
શ્રદ્ધામાં સુસ્થિર કરી પ્રભુ બાળજો, કર્મો સંચિત ને આગામી,
એષણાઓ હરી નકામી,
કરજો વૃત્તિને નિષ્કામી; મારી૦
શ્રદ્ધાની સંપૂર્ણ સિદ્ધિ કરાવો મારા જીવનમાં નરહરિ સ્વામિ !
પૂર્ણ રસને જેથી પામી,
રે' આપ પદમાં વિરામી; મારી૦

શ્રી જ૦ દેવી.

ધ્યાન એ સર્વશ્રેષ્ઠ સાધન છે.

પદ ૯ (આંખવિના અંધારૂં રે, એ લય.)

સાધન સર્વ નકામાં રે, ધ્યાનવિનાનાં, સાધન સવ નકામાં.
નાનાવિધ કષ્ટ સ્વીકારે, પણ તે જન જરી ન વિચારે,
વાસ્તવ ઉન્નતિ છે શામાં શામાં રે; ધ્યાન૦

તિતિક્ષા ભલેને સાધો, પૂજાપાઠમાંહિ વાધો,
પણ તે ભમવાના ભામા ભામા રે; ધ્યાન૦
ઘડીમાં કંઇ જપ ગણુગણુવા, ઘડીમાં કાંઇ સ્તોત્રો ભણુવાં,
એ તો મિથ્યા છે રામા ટામા રે; ધ્યાન૦
ધ્યાન અદ્‌ભૂત લગાવી, પૃથક્ અહં પૂર્ણ વિલાવી,
નાંખો પ્રભુને ત્યાં ધામા ધામા રે; ધ્યાન૦
બેસે જે યથાર્થ ધ્યાને, પ્રભુ ઉતરી તે સ્થાને.
આવી ઉભા રહે સ્હામા સ્હામા રે; ધ્યાન૦

"નિષ્કામ કર્મ કરવા થકી શ્રેય થાશે."

પદ. ૧૦ (ચિદાકાશવિણુ અન્ય કંઇ નથી, એ લય.)

પરિણામની પરવા મુકી નિજ, કર્તવ્યે વહેવું,
કરવું સાંગોપાંગ કર્મ પણુ, ફ્લથી ન લેવું દેવું,
સાધકે કર્તવ્યે વહેવું.
કર્મપર્ણની નીચે નિશ્ચય, સુખફલ છે રહેલું,
ત્યજી ફ્લ ઇચ્છા કર્મ સાધતાં, મળતું સત્ફલ વહેલું: સાધકે૦
નિજ આશ્રમધર્મને વિચારી, કર્મો આચરવાં,
ઉચ્ચ ઉચ્ચ કર્મો સાધી.— મનમાંત ફ્લમાં ન ધરવા, સાધકે૦
અનુભવી જન, એ નિયમ સમજીને, ફ્લની સ્પૃહા, ત્યાગેઃ
'માગે તેથી આઘે ને વળી, ત્યાગે તેની આગે, સાધકે૦
ખરો યોગ નિષ્કામ કર્મનો, આગ્રહથી સાધે,
તેને નડતું ન બન્ધન કોઇ, ઉન્નતિમાં તે વાધે; સાધકે૦
સર્વ કર્મ ઇશ્વરને અર્પણુ, કરતો જે ભાવે,
પ્રભુને તેનો નિશ્ચય થાતાં, સ્હાયે અવશ્ય આવે; સાધકે૦
વિવેકીનું કર્તવ્ય એક, વહેવું પ્રભુપ્રણિધાને,[1]
અને કર્મના ફ્લસંબંધી, ધરવી નિઃસ્પૃહતાને,

શ્રી જા૦ દેથી.

---

૧ ઇશ્વરને પોતાનાં કર્મોનું અભિમાન સમર્પણુ કરવું તે.

यत्नना निश्चयमां सुदृढ राखवा गुरुदेवने अभ्यर्थना,

પદ. ૧૧ (આવો આવો હૃદયનાથ, એ લય.)

ગતિ મારી મંદ મંદ તોએ ગુરુ! ગિરિએ ચઢાવો,
ચઢાવો, બોલાવો, તેડાવો, સ્થપાવો,
પ્રતિબંધ આવતાં પણ મારી ગતિ ના અટકાઓ; ગતિ૦
એક દિશાને સાધીને, આદર્યું મેં આ પ્રયાણ,
પિપીલિકાની ચાલથી, ચાલું છું ભગવાન્!
કાયરતાનું કરાવીને ભાન,
પાછી મને નવ વાળશો પ્રાણ!
આગળ ડગલાં ભરાવો; ગતિ૦
અલ્પ શરીરબળ ને વળી, મનબળ છે અતિ અલ્પ,
જોતાં નમ પદ ના મળે, જાતાં કોટિ કલ્પ;
ટીટોડીકરું સંભારીને કામ,
કાર્યની મેં પણ બીડી છે હામ,
ડગું ન, ભલે પ્રાણ જાઓ; ગતિ૦
'વાપરવું બળ પૂર્ણ જે, નિજમાં જણાય તેહ,'
જાણ્યું ત્યારથી વાપરું, આગ્રહથી બળ એહ.
યત્ને સદા જય છે એહ વાત,
જીવનમાં સ્મરું છું દિનરાત,
નિશ્ચય એ ન મુકાવો,
યત્નથી ચઢીવાની અતિ, આપ કૃપા છે નાથ!
અફળ સફળ કરવો પ્રભુ, યત્ન એ આપને હાથ;
તેથી કરુણાનું દેઇને દાન,
બતાવી યત્ને વિજયતણી આણ,
આપમાં અન્તે શમાવો; ગતિ૦

શ્રી જ૦ દેવી.

चैतन्यमेघनी वृष्टिनो अनुभव करती वृत्तिनुं अन्य वृत्तिप्रति कथन.

પદ ૧૨ રાગ મલ્હાર. આઇ બદરીયાં, એ લય.

મુદ્દંગગન રસભર ઘન છાયો,
ફરરર ફરરર રસબુંદ ઝરંતાં, વર્ષાસમય સખિ ચિત્તહર આવ્યો,
મધુર મધુર ઘન સ્વન કંઇ થાયે, ઘનન ઘનન કો નાદ શુણાયે,
સુખદ હૃદય રસરેલ વહંતી,
પ્રિયતમસંગ અતિ ઉર ભાવ્યો;—
મૃદુલ મૃદુલ ઉત્પલ સર ખિલ્યાં, ચમક ચમક થાયે દલની લો,
પડતી સીકર તેપર સુહાવન,
અભિનવ સખિ ! કંઈ રંગ જમાવ્યો;
ઝળક ઝળક સૌદામિની ઝળકે, લોક લોકાંતર તેમાં પલકે,
ચકિત મતિ રહી તેહ વિલોકી,
અનુભવ કથતાં ન જાય કથાયો;—
ઝર ઝર ઝર ઝર ધાર ઝરંતી, ક્ષણુ ક્ષણુ વધતા વેગે પડંતી,
નિરતિશય કંઇ શાંતિ કરંતી,
વિમલ મહા જળ રાશિ છવાયો;—
જળ જળ જળમય સૃષ્ટિ જણાયે, નામરૂપ ન પ્રતીત થાયે.
હું તું સઉ જળમાંહી બુડંતાં,
ખેલ અકલ ગુરુએ દર્શાવ્યો;—

ચુ० જ० ओझा,

आंतर प्रदेशमां स्थित थवा संबंधी अधिकारीना उद्‌गार.

પદ ૧૩ (મારૂં મુખ ન કહ્યું જાય, એ લય.)

ઉંડે ઉંડે અન્તરાલ, ડૂબી જવા વૃત્તિ મારી ઇચ્છતી,
ભૂલી સર્વ જગતજાલ, ઉંડા દેશે જવા નિત્ય ધારતી.
જે રહ્યું અનન્ત અંતર–સાગરે, તેનો કરતાં વિચાર.
મોહ સર્વ છૂટતો
તુચ્છ આ પદાર્થનો,
એ મળ્યે થાઉં ન્યાલ; ડૂબી०

જાઈશ જેમ જેમ હું તો અંતરે, સ્મરીશ શ્રી ગુરુનો બોધ;
" મોહ થતાં ડૂબશે,
ન તો વિજય પામશે. "
તેથી રાખી સંભાળ; ડૂબી૦
મૂકી સર્વ કામ યત્ન આદરૂં, ત્યજી પ્રમાદ ધરૂં ધૈર્ય,
પ્રાણનો કરી નિરોધ;
કરીશ સત્યવસ્તુશોધ,
જઈ ઉંડે હાલ; ડૂબી૦
જગતમોહથી હું નિવૃત્ત થઈ, ધરૂં જગપતિમાં મોહ,
જેથી વૃત્તિ જઈ ઉંડે,
સચ્ચિતસ્વરૂપમાં બુડે,
જાય ભવનું સાલ, ડૂબી૦

પ્ર૦ બહેન.

સર્વ સ્થિતિમાં શ્રીકૃષ્ણને અધીન રહેવા સાધકનો નિશ્ચય.

પદ. ૧૪ (મારે મન એ ન અધિક, એ લય.)

હું તમને અધીન રહીશ,
કદી દૈવી વિમાને બેસાડો, કે પાતાળે મને પેસાડો,
દેખાડો સુખ–દુઃખનો દહાડો. પણ તમને અધીન રહીશ.
થતી દશદિશમાં મારી ખ્યાતિ, કે સઘળે અપકીર્તિ થાતી,
કદી થતાં ન વિમુખ પ્રભુ! આથી; હું તમને૦
બહુ યાચકને આપું દ્વારે, કે યાચક થવું પડે મારે.
મને દો કે હરી લો આ વારે; પણ તમને૦
મિત્રો સઉ શત્રુ થઈ નડતા, નજરે ન વળી સ્નેહી પડતા,
હું ગમે તેવી ખાઉંશ ખત્તા; પણ તમને૦
પ્રભુ! કરુણાથી મુજપર રીઝો, કદી અયોગ્ય કૃતિથી બહુ ખીજો,
કદી તાવો કે પ્રેમે ભીંજો; પણ તમને૦
જવ આપથી અભેદ મુજ થાશે, આ જીવત્વલેષ સમૂલ જાશે,
તવ લગી હું અતિશય ઉલ્લાસે; નિત્ય તમને અધીન રહીશ.

શ્રી જ૦ દેવી.

આપણા અન્તઃકરણની મલિનતા અન્યમાં માલિન્ય દર્શાવે છે.

પદ ૧૫ (તે જ જીવે છે, તે જ જીવે છે, એ લય.)

નથી જગતમાં, નથી જગતમાં, કશું અહિતકર કે અપવિત્ર,
જેવું હશે અંતરમાં તેવું, જોશો બહિર અપવિત્ર—પવિત્ર.
આ મોહ-ભયનાં ભૂતડાં, વિશ્વે કદી ફરતાં નહિ,
તમમાં હશે તેનો જ પડછાયો હશે દીઠો કહીં;
ચિંતાપિશાચિની ભક્ષ કરવા, ના બહિરથી આવતી,
તમ અંતરેથી ઉપજી તમને જ શેકી નાંખતી;
નથી જગતમાં, નથી જગતમાં૦
જ્યાં સત્ય જ્ઞાનની દીપિકા, રહેતી અખંડિત ઝગઝગી,
ના ક્યાંહી પણ ભાળી શકે, કાળાપણું તે જીન્દગી;
નિર્ભયજગતનો માનવી, સર્વત્ર નિભયતા જુએ,
જેના ઉરે ભય તે જ જ્યાં ત્યાં ભય નિહાળીને રુએ;
નથી જગતમાં, નથી જગતમાં૦
જેવું હૃદયમાં ધારશો, તેવું દશે દિશ ભાળશો,
જો તત્ત્વ ભરશો હૃદયમાં, તો તત્ત્વ જ્યાં ત્યાં ન્યાળશો;
હું બ્રહ્મ છું એ ભાવનાથી, હૃદય દિવ્ય બનાવશો,
તો તો કદી બ્રહ્માંડમાં ન કશાથી પણ દુઃખી થશો,
નથી જગતમાં, નથી જગતમાં૦

શ્રી જ૦ દેવી.

પ્રત્યક્ષ ઇષ્ટમૂર્તિના અભાન કાળે તમને શોધતી વૃત્તિના ઉદ્ગાર.

પદ ૧૬. (કોઇ બનશો કદી ના મનવૃત્તિના દાસ, એ લય.)

કોઇ દર્શાવશો વહાલા વહાલમના વાસ,
કોણ દિવ્ય પ્રદેશે છે એના નિવાસ, કોઇ૦
જોઉં વસતા'તા ત્યાં તો છે સુનાં મંદિર,
ખાલી પિંજર પડેલું ઉડી ગયો કીર;
ખળ ખળ વહેતાં અશ્રુ જોતાં એ તો આવાસ; કોઇ૦

હતા શક્તિકરા તો એ સ્વયં આગાર,
તેહ મેળવવા ક્યાંથી એ બીજે જનાર,
તેથી હિમગિરિનો ના એ કરે પ્રવાસ; કોઈ૦
શિવરૂપ હતા થયા ચિંતિ સ્વરૂપ,
નહોતી પાર્વતીની પણ શિવ સમીપ ભુખ,
તેથી શોધું નહિ હું તો દિશા એ ખાસ; કોઈ૦
લક્ષ્મી વરવા હતી ન ઈચ્છા તલભાર,
હતા વિરાગી શિરોમણિ એ સુખસાર,
જલધિમાં કરે ના વિષ્ણુસમ નાસાનાસ; કોઈ૦
સર્વજ્ઞ હતા જેહ સ્વતંત્ર સદાય,
કુમારી શારદાની પુંઠે કેમ જાય,
બ્રહ્મલોકવિષે ગયો થાતો ન ભાસ! કોઈ૦
હતા અમૃતભોગી એ યોગી અનુપ,
ચંદ્રને પણ ગણતા તે તો સ્ત્રી રૂપ,
બ્રહ્મચારી સાચા કરે ન તેનો સહવાસ, કોઈ૦
હતા સવિતાના ભર્ગના પૂર્ણ પ્રમાણ,
સૂર્યબિંબે અપૂર્ણ એ નિવસે ન પ્રાણ;
મહાકાશ વસે કે ન જઈ ઘટાકાશ; કોઈ૦
હતી શુદ્ધ સ્વરૂપે કંઈ પ્રીતિ અપાર,
થઈ રહેતા તે શું તે સદા તદાકાર,
શોધી તે ભળી તેમાં ટાળીશ ભેદાભાસ, કોઈ૦

ઘુ૦ ન૦ ઓઝા.

જગદાસક્ત જીવને પ્રશ્ન.

પદ ૧૭ ગઝલ. (જગતના નાથને જોયા વિના, એ લય.)

જગત્પ્રવૃત્તિમાંથી કંઈ તને પ્રભુ સાંભરે છે કે?
જગત્ જોઈ થાકીને તારી નજર પ્રભુપર ઠરે છે કે?
જગતના સ્વાર્થસાધનમાં, અવિહિત કાર્ય આચરતાં,
પ્રભુના ડરથી મન તારૂં, કંઈ પાછું ફરે છે કે? જગ૦
બીજાને ભોળવી લેતાં, બીજાનું ઓળવી લેતાં,
બીજાને કષ્ટ કંઈ દેતાં, પ્રભુખાતર ડરે છે કે? જગ૦

જગતના ક્લિષ્ટ વ્યવહારો, બહુ ઝીણવટથી તું કરતો,
પરન્તુ તેની મધ્યે કંઇ, પ્રભુઅર્થે કરે છે કે ? જગ૦
જગતની વિનાશી વસ્તુ, સહી શ્રમ સંઘરી ખાંતે,
અવિનાશી પ્રભુના નામને કંઈ સંઘરે છે કે ? જગ૦
પ્રભુવિણ સાચું નથી કાંઇ, કહ્યું શાસ્ત્રે અને સંતે,
અને હું તેનું તે કહું પણ, ગળે કંઇ ઉતરે છે કે ? જગ૦

देहदेवळ विशुद्ध करवा अभ्यर्थना.

પદ. ૧૮ ગઝલ (ન્યારી સ્થિતિ આ વિશ્વમાં, એ લય.)

ઓ કારીગર ! છે દેહદેવળની અજબ તારી કૃતિ,
સર્વસ્વ તારૂં મુકી રચી તેં વિશ્વે માનવઆકૃતિ: ઓ૦
મન્દિરમાં જે ઉતરી ઉંડે, ધુમતા ધારી ધૃતિ,
તે મુગ્ધ બનતાં ભાળી ત્યાં અતિ ગૂઢ તારી ચમત્કૃતિ; ઓ૦
આ દેહદેવળમાં વળી તેં સ્થાપી તારી પ્રકૃતિ,
આ કર્મસત્તા ને સ્વભાવથી[1] થતી સુકૃતિ દુષ્કૃતિ: ઓ૦
સ્વભાવસત્તાના બલે જે આવતા તારા પ્રતિ,
સામર્થ્ય તુજસમ મેળવી તે જાય તરી આ સંસૃતિ: ઓ૦
જે દેહદેવળમાં થઇ છે પૂર્ણ મનની સંસ્કૃતિ[2],
તેને નમે સઉ, તેની છૂટે સહજમાં જનિ ને મૃતિ[3]; ઓ૦
દેવળતણા ઘડનાર ઓ ! અમ દેહની હણી વિકૃતિ,
તુજ શુદ્ધ રૂપ ઝળકાવ કરીને દિવ્ય દેવળ સંપ્રતિ[4]; ઓ૦

શ્રી જ૦ દેપો.

प्रखर तत्त्वचिन्तनमां रहेवा अधिकारीने प्रबोधः

પદ. ૧૯ (પરમ પ્રદેશે વિરામે મતિ, એ લય.)

ગગનવિહારિણી વૃત્તિ કરો,
ઉચ્ચે ફરો, નીચે ના ઉતરો: ગગન૦
ગગનતણાં છે જે જે ચિન્તન, તેમાં છે ન કશાનું બન્ધન,
મુક્તપણે ઉચ્ચરો—વિચરો; ગગન૦

---

૧ સ્વભાવ સત્તાથી. ૨ વિકાસ. ૩ જન્મ ને મૃત્યુ. ૪ હાલ-વર્તમાન સમયમાં.

વ્યોમ સદા નિર્લેપ રહે છે, તેમાં જે આવીને રહે છે,
તે જ રહે છે નિર્લેપ ખરો; ગગન૦
ગગનની મહત્તાકિરો પાર ન, તેના અંતરે કરતાં પ્રયાણ,
મ્હેરો નવીન અનુભવનો ઝરો; ગગન૦
પરમાનન્દ પરમ શાન્તિ જે, ગ્રહેવી હોય પૂર્ણકાન્ત તો,
ગગનતણા ગર્ભમાં સંચરો; ગગન૦
ચિન્તાવિણ જ્યાં ઇચ્છ્યું મળતું, સહજ કર્યું અતિશય થઈ ફળતું,
એવો ચમત્કાર ગગને ભર્યો: ગગન૦
કર્મતણાં બન્ધન જ્યાં ન નડે, મન બુદ્ધિનું કશું પણ ન અડે,
એવા તત્ત્વગગનમાં ઠરો; ગગન૦

ધ્યાનાભ્યાસી વૃત્તિના ઉદ્દગાર.

પદ ૨૦ (કાયા કાચો કુંભ છે, એ લય.)

પૂજું પ્રભુપ્રતિમા હું તો, અંતરથી ધરી ભાવ,
ધ્યાઉં વળી વળી સ્વરૂપ એ, લેવા નૂતન લ્હાવ;
સુદૃઢ સુસ્થિર રાખી ચિત્તવૃત્તિ વિચારી જોતી,
સુન્દર ને અનુપ, મનોહર રૂપ, જોઈ જોઈને હું મ્હોતી.
વિક્ષેપો ક્રમથી શમ્યા, શાંત બની ગઈ ત્યાંય,
પ્રભુનેત્રોવિણ અન્ય હું, ભાળી શકું ન કાંય;
અજબ જાદુભર્યાં એ નેત્રે આકર્ષી મુજ વૃત્તિ,
ઉડે અંતરાય, ચાલી તત્કાલ, જગતનું ભાન ભૂલી.
હું ને પ્રભુ એ બેતણું, રહ્યું આરંભે ભાન,
તે પણ વિખરાતાં જતાં, લહ્યા માત્ર ભગવાન;
થતાં ઉત્થાન મુજ નેત્રે પ્રભુનાં નેત્ર જોયાં,
ધન્ય ગુરુરાય, મુખથી વદાય, દુરિત જન્મોનાં ખોયાં.
શું કહું પ્રભુદર્શનવડે, અનુભવ જે ઉડનાર,
કોણ વર્ણવી છે શક્યું, કે હું વર્ણવનાર.

પ્ર૦ નવીન.

જીવપંખીની પ્રભુને પ્રાર્થના.

પદ ૨૧ (અમારી ડેલણગાડી તાત! તમે૦ એ લય)

અમે તો પિંજરીયાનાં પંખિ, પ્રભુ! છોડાવજો જી,
અમે તો રહ્યા તમોને ઝંખી, ગગન ઉડાવજો જી.
મહા મોહવશ થઇને હાથે-કરી વહોર્યાં બન્ધન સઉ સાથે,
સુવર્ણપિંજરતણા બંધ તોડાવજો જી. અમે૦
પહેલાં પિંજર જોઇ હરખાયાં, બન્ધનનાં દુઃખ હવે જણાયાં.
આવ્યાં શરણ તમારે, વહારે આવજો જી; અમે૦
પિંજર પાંખનું બળ લઇ જાતું, પંખિપણું અમ તો લજવાતું,
અમપણું આ વિધિ પરવશતાથી ન ત્યજાવજો જી. અમે૦
હંસપંખિને બ્રહ્મા સેવે, ગરુડને રાખ્યો વિષ્ણુદેવે,
દેવો પક્ષી રક્ષે એ ઉર લાવજો જી. અમે૦
અમે આપનાં જીવપંખિડાં, પરબન્ધનની સેવીએ પીડા,
ત્યાંથી છોડવી આપ સમીપ કુદાવજો જી; અમે૦
પરમ દેવ! તમે અમારી ઉપર, આરૂઢ થઇ વિચરો સચરાચર;
જીવપંખિથી શોભો ને શોભાવજો જી; અમે૦

જીવત્વના પ્રદેશમાંથી નીકળી ઈશત્વના પ્રદેશમાં પ્રવેશવા સાધકોને આહ્વાન.

પદ. ૨૨ (નરતનુ પામી પંથિ; એ લય.)

લંગર ઉપાડી બન્ધુ! હાલો ઝટ હાલો,
માર્ગમાં આમ ગાળો વખત ન ટાલો; બન્ધુ! હાલો૦
વાસનાદોરડાંએ કાંઠલડે બાંધ્યાં, બન્ધુ!૦
તેને કાપીને જલદી આગળ ચાલો; બન્ધુ!૦
સદ્વિચારોરૂપી શઢને ચઢાવો, બન્ધુ!૦
સત્ક્રિયારૂપી સબળાં ચાટવાં ઝાલો; બન્ધુ!૦
આપણા ધામનો આ કાંઠલડો ન્હોય, બન્ધુ!૦
જીવત્વકિનારે ઉંડી ભેખડો ભાળો; બન્ધુ!૦
શિવત્વનું આપણું શાશ્વત ધામ, બન્ધુ!૦

[illegible]

વહાણુ અહંત્વયુએ છતુ [illegible];
નૃહરિઉપાસનાથી માર્ગ વટાવો, બન્ધુ
શિવત્વના અનુભવધામે આવીને મ્હાલો; બન્ધુ.

શ્રી જ૦ કે.

પ્રભુના દર્શનવિના જીવનની સિદ્ધિ નથી.

પદ ૨૩ (જો જો સખિ આ રહ્યો પેલો, એ લય.)

જાણ્યા જીવન ન જે જીવનમાં, એ જીવનમાં જીવ ન જાણો.
કહોને વિચારી તમે વસ્ત્ર એને કોણુ કહે,
જેમાં નથી વાણોતાણો; એ૦
તેને તે દેખતી આંખ કહેવાય કેમ,
જેનો છે ડોળો કાણો; એ૦
જેમાંથી હીરાની કણિકા ન નીકળે,
તેને કહે કો રત્નખાણો; એ૦
ફોલી ખવાયો હોય અંદરનો ગર્ભ ભાગ,
તેને તે કોણુ કહે દાણો; એ૦
ભલે મોટી વિદ્યા કે પદવી તે ધારતો,
પણુ તેથી મોહ નવ આણો; એ૦
કોડીની કિંમત ન એવાની આંકશો,
જગમાં ગણાયે છે રાણો; એ૦
જેને પ્રભુને જાણવાની ચોટ છે ન તે,
બોલતો ચાલતો પ્હાણો; એ૦
પોતાના જીવનમાં પ્રભુનું જીવન જેણે—
ગુંથ્યું તે જાણજો શાણો;
એ જીવનમાં જીવન જાણો.

ન સમત [illegible] અનુભવીએ છે,

મારી દૃષ્ટિ જ્ઞાનસ્વરૂપ થાય છે, જી રે, આજ૦

હુંથી નિર્ભય અખંડ રહેવાય છે,

મારી આસપાસ બ્રહ્મોદ્ભટ તો ચણાય છે જી રે, આજ૦

હારે હવે નીચે ઉતરવું મટી જાય છે.

પાયવડે મુજથી તો બ્રહ્મગિરિ ચઢાય છે જી રે; આજ૦

હારે હવે વિષયવારિમાં ન મન લોભાય છે,

અમૃતથી અદકો જ્યાં બ્રહ્મરસ પીવાય છે જી રે; આજ૦

હારે મારા જીવત્વકલેશ તો વિલાય છે,

ગાન હવે બ્રહ્મના અખંડ જ્યાં શુણાય છે જી રે; આજ૦

હારે અવિદ્યાનું આવરણ અગપાય છે,

શુદ્ધ બ્રહ્મ આપે પ્રત્યક્ષ જ્યાં ભળાય છે જી રે; આજ૦

હારે ટળી અલ્પત્વ પૂર્ણતા લહાય છે,

આજ સૂક્ષ્મ બિન્દુ મહા સિન્ધુમાં રેલાય છે જી રે: આજ૦

સદ્ભાવના.

પદ ૨૫ (પ્રિયતમ મારે હૃદયકમલ૦ એ લય.)

સચ્ચિતધન સદ્ગુરુવરનો જય જય હો,

અનન્ત–અનવધિ જય હો.

સદ્ગુરુજ્ઞાનપીયૂષ પી સાધકનો મનોલય હો,

સદ્ગુરુકરુણાકટાક્ષથી શિષ્યનો વાસનાક્ષય હો,

અતિ સૂક્ષ્મ વાસનાક્ષય હો; સચ્ચિત૦

સદ્ગુરુશિષ્યની વૃત્તિ સદોદિત, સદ્ગુરુમય હો,

સદ્ગુરુદેવનો સંતત શિષ્યને, સાચો આશ્રય હો,

શ્રેયસ્કર સાચો આશ્રય હો; સચ્ચિત૦

સદ્ગુરુ સેવીને સાધક સાચો, નિર્ભય નિર્ભય હો.

સદ્ગુરુસ્વરૂપધ્યાનથી સાધક, સુખમય સન્મય હો

નિરન્તર સુખમય સન્મય હો; સચ્ચિત૦
